પ્રેમચંદ કરમચંદ શાહ કૃત.

ધોરણ ત્રીજા માટે.

ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા.

Shri **Satyanarayan** Printing Press.

Printer **Motilal Kalidas.**

Near Pirmasa Roja—**Ahmedabad.**

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक 3575 वर्गांक

पुस्तकनुं नाम ગુજરાત પ્રાંતની ભૂગોળ વિદ્યા

विषय ग ૯૪૨:૮૬૧:૨:૨૩૧૭

(ગોંડળ સંસ્થાનની શાળા માટે ટેક્સ્ટ બુક.)

ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા.

(પ્રાથમિક શાળાના ધોરણ ત્રીજા માટે.)

રચી પ્રસિદ્ધ કરનાર,

પ્રેમચંદ કરમચંદ શાહ.

ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ગોંડળ સ્ટેટ.

ગોંડળ.

આવૃત્તિ બીજી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

શ્રી 'સત્યનારાયણ' પ્રિંટિંગ પ્રેસમાં

પટેલ મોતીલાલ કાળીદાસે છાપી.

પીરમસાના રોજા પાસે—અમદાવાદ.

આ પુસ્તક સન ૧૮૬૭ના ૨૫મા ઍક્ટ મુજબ રજીસ્ટર કરાવી કર્તાએ સર્વે હક્ક સ્વાધીન રાખ્યા છે.

કિમ્મત એક આનો.

ગ૫૨:૮૪૧:૨:૨૨૨ગ-
ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય 3545
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

પ્રસ્તાવના.

પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણમાં જિલ્લા અથવા એજન્સિની ભૂતળ અને રાજકીય ભૂગોળ; ઉદ્યોગો, સ્થળો વચ્ચેનાં વ્યવહારનાં સાધનો, વગેરે સાથે ગુજરાતની સામાન્ય ભૂગોળ શિખવવાની છે. આને માટે જિલ્લાની નિશાળોમાં ચલાવવા સારૂ સરકારે ભૂગોળ રચાવી છે, કાઠિયાવાડ એજન્સિની નિશાળો માટે એવું પુસ્તક ન હોવાથી ગોંડળ સ્ટેટના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મે. સુતરીઆ સાહેબની ઇચ્છાથી આ નાનકડું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ ધોરણમાં નકશાના સ્કેલ (માપના પ્રમાણ) થી નકશામાં અંતર માપતાં શિખવવું.

પુસ્તકને અંતે વ્યાખ્યાઓ આપી છે, તે પારિભાષિક શબ્દો શિક્ષણમાં જ્યાંજ્યાં આવે, ત્યાંત્યાં પ્રત્યક્ષ અવલોકનથી તથા માટીના કે બીજા નમુનાથી શિખવવા, અને પછી નકશામાં બતાવવા. નકશામાં ભૂતળ રચના બતાવેલી હોય, તે પરથી દેશના ઉંચાણ નીચાણના દેખાવ તથા તેનાં સામાન્ય લક્ષણો વિષે અનુમાન કરવાનો છોકરાંને મહાવરો કરાવવો.

બાળકોને પુસ્તકની કિમ્મતનો બોજો ઓછો થાય તે પર નજર રાખી કિમ્મત ઠરાવેલી છે.

અનુક્રમણિકા.

આ લેખકનાં અન્ય પુસ્તકો.

૧.	દેશી નામાની પદ્ધતિ. આવૃત્તિ ૨૪ મી.	૦-૩-૬
૨.	નવું ગુજરાતી બાળવ્યાકરણ. આવૃત્તિ ૧૩ મી.	૦-૪-૬
૩.	વ્યાકરણ શિક્ષકમાળા અંક ૧ લો. દશમી આવૃત્તિ.	૦-૧-૦
૪.	સદર અંક ૨ જો. દશમી આવૃત્તિ.	૦-૨-૬
૫.	કિન્ડરગાર્ટન ને પદાર્થપાઠ ભાગ ૧ લો. ત્રીજી આવૃત્તિ.	૦-૪-૬
૬.	સદર ભાગ ૨ જો. બીજી આવૃત્તિ.	૦-૩-૬

પ્રેમચંદ કરમચંદ શાહ.
ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ગોંડળ.
(કાઠિયાવાડ.)

ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા.

છોકરાં, તમે બીજા ધોરણમાં ગોંડળ સંસ્થાનની ભૂગોળ શિખી ગયાં, તેની સાથે એ પણ શિખ્યાં કે દેશી રાજાઓના તાબામાં જે મુલક હોયછે તે **સંસ્થાન** કહેવાયછે. ગોંડળ સંસ્થાનની આસપાસ બીજાં ઘણાં સંસ્થાનો આવેલાં છે. સંસ્થાનોના સમૂહને **એજન્સિ** કહે છે. આપણે કાઠિયાવાડ એજન્સિમાં રહીએ છીએ. એજન્સિઓ **પોલિટિકલ એજન્ટની** દેખરેખ નીચે હોય છે. કાઠિયાવાડ એજન્સિના ઉપરી **એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબ** કહેવાય છે, તે રાજકોટમાં રહે છે. તેમના ઉપરી **મુંબઇના નામદાર ગવર્નર સાહેબ** છે. કાઠિયાવાડની પૂર્વમાં અમદાવાદ જિલ્લો છે. અંગ્રેજ સરકારના ખાલસા મુલકના મોટા ભાગને **જિલ્લો** કહે છે, કાઠિયાવાડ વગેરે કેટલીક એજન્સિઓ, અમદાવાદ વગેરે કેટલાક જિલ્લા, અને ગાયકવાડનો મુલક તથા ખંભાત સંસ્થાન મળી **ગુજરાત પ્રાંત** થાય છે. એની આસપાસ કયો કયો મુલક આવેલો છે, તે હવે આપણે તપાસીએ.

સીમા:—ઉત્તરે રજપુતાના, વાયવ્યકોણમાં કચ્છનું રણ, અને કચ્છનો અખાત, પશ્ચિમે અરબી સમુદ્ર, દક્ષિણે અરબી સમુદ્ર અને મહારાષ્ટ્ર, અને પૂર્વે ખાનદેશ ને માળવા છે.

વિસ્તાર:—આપણી કાઠિયાવાડ એજન્સિ સાથે ગુજરાત પ્રાંત સરખાવીએ તો માલમ પડશે કે ગુજરાત પ્રાંત તેનાથી લગભગ ત્રણગણો મોટો છે. અંગ્રેજ સરકારનો ખાલસા મુલક કાઠિયાવાડ એજન્સિથી લગભગ અડધો છે.

કુદરતી વિભાગ:—કુદરતી રચનાને આધારે ગુજરાતના મુખ્ય ચાર ભાગ પાડી શકાય. (૧) **પશ્ચિમ ગુજરાત** અથવા **કાઠિયાવાડ**, (૨) **ઉત્તર ગુજરાત** અથવા **મહીનદીની ઉત્તરનો ભાગ**, (૩) **મધ્ય ગુજરાત** અથવા **મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ**, (૪) **દક્ષિણ ગુજરાત** અથવા **નર્મદા નદીની દક્ષિણનો પ્રદેશ.**

રાજકીય વિભાગ:—ગુજરાતના ૧૩ ભાગ છે, તેમાં ૬ એજન્સિઓ, ૨ સંસ્થાન, અને ૫ જિલ્લા છે.

ભાગ.	મુખ્ય શહેર.
૧. કાઠિયાવાડ એજન્સિ.	રાજકોટ.
૨. પાલણપુર એજન્સિ.	પાલણપુર અને ડીસા.
૩. મહીકાંઠા એજન્સિ.	સાદરા અને ઇડર.
૪. રેવાકાંઠા એજન્સિ.	નાંદોદ, બારીઆ, લુણાવાડા.
૫. પંચમહાલ એજન્સિ.	નારૂકોટ.
૬. સુરત એજન્સિ.	વાંસદા, ધરમપુર, સચીન.
૭. ગાયકવાડનો મુલક.	વડોદરા.
૮. ખંભાત સંસ્થાન.	ખંભાત.
૯. અમદાવાદ જિલ્લો.	અમદાવાદ.
૧૦. ખેડા જિલ્લો.	ખેડા.
૧૧. પંચમહાલ જિલ્લો.	ગોધરા.
૧૨. ભરૂચ જિલ્લો.	ભરૂચ.
૧૩. સુરત જિલ્લો.	સુરત.

કુદરતી રચના:—કાઠિયાવાડના ત્રણ દિશાએ દરીઓ આવેલો છે, ને પૂર્વમાં જે જમીન છે તે ખારવાળી અને વનસ્પતિ વિનાની છે,

તેથી ત્યાં આગળ દરીઓ **હશે** એમ અનુમાન થાય છે; માટે કાઠિયાવાડ આગળ **બેટ** હોવો જોઈએ. હાલ ત્રણ બાજુએ દરીઓ હઈ **દ્વીપકલ્પ** કહેવાય. કાઠિયાવાડના મધ્ય ભાગમાં **ચોટીલો, બર્ડો, ગીરનાર, ગીર, શેત્રુંજો,** વગેરે ડુંગરો આવેલા છે, તેમાંથી નદીઓ નીકળી ચારે તરફ સમુદ્રમાં જાય છે; તેમાં ઉત્તરમાં **મચ્છુ** નદી કચ્છના રણને, વાયવ્યમાં **આજી** નદી કચ્છના અખાતને, પશ્ચિમમાં **ભાદર** નદી અરબી સમુદ્રને, દક્ષિણમાં **શીંગવડો** નદી અરબી સમુદ્રને, અને પૂર્વમાં **શેત્રુંજી** નદી ખંભાતના અખાતને મળે છે. આ નદીઓનો પ્રદેશ ફળદ્રુપ છે. કાઠિયાવાડની પૂર્વનો ભાગ **ભાલ**ને નામે ઓળખાય છે, તેમાં વહેનારી નદીઓનું પાણી ચોમાસામાં ફેલાઈ જઈ જમીન રસાળ કરે છે. આ જમીન કાંપાળ છે, તેમાં ઘઉં, ચણા ને કપાસની પેદાશ સારી થાય છે.

ઉત્તર ગુજરાતમાં **આબુ** ને **આરાસુર**ના ડુંગરા આવેલા છે. તેમાંથી **બનાસ, સરસ્વતી, સાબરમતી, વાત્રક** વગેરે નદીઓ નીકળી નૈઋત્ય ભણી વહે છે, આ ભાગ ફળદ્રુપ છે. ખેડા જિલ્લામાં નડીઆદની આસપાસનો મુલક જે **ચરોતર**ને નામે ઓળખાય છે, તે ઘણોજ ફળદ્રુપ છે. ઉત્તર ગુજરાતનો જે ભાગ રણને લગતો આવેલ છે તેને **થળ** કહે છે, તેમાં ખેતીની પેદાશ ઓછી થાય છે. કડી મેસાણાને લગતો પ્રદેશ **વઢીઆર** કહેવાય છે, ત્યાંના બળદ વખણાય છે. વઢીઆરની ઉત્તરનો ભાગ તે **ચુંવાળ.** તેમાં કોળી લોકો ઘણા રહે છે, તે ચુંવાળીઆ કોળી કહેવાય છે. પહેલાં તે લૂટફાટ બહુ કરતા.

મધ્ય ગુજરાતમાં પૂર્વ તરફ **ચાંપાનેર** અને **રાજપીપળા**ના ડુંગરો આવેલા છે, તેમાં ઇમારતી લાકડું પુષ્કળ થાય છે; ખેતી

ઓછી છે. આ ભાગને **મેવાસ** કહે છે. **મહી** અને **નર્મદા** નદીના કાળના પ્રદેશમાં સારી પેદાશ થાય છે. મહી અને ઢાઢર નદી વચ્ચેનો ભાગ **વાકળ**, અને ઢાઢર ને નર્મદા નદીની વચ્ચેનો ભાગ **કાનમ** કહેવાય છે.

દક્ષિણ ગુજરાતમાં તાપી વગેરે ઘણી નદીઓ આવેલી છે, તે પશ્ચિમ ભણી વહી સમુદ્રને મળે છે. આ નદીઓનો મૂળ તરફનો ભાગ પહાડી હઈ ત્યાં પેદાશ કમતી છે, પણ ચગાના સપાટ વિશાળ પ્રદેશમાં પેદાશ ઘણી સારી થાય છે.

પહાડો:—ગુજરાતમાં મોટા પહાડો નથી પણ નાના ડુંગરો છે. **ચોટીલો, બર્ડો** (એમાં આલેચ ને ઓસમના ડુંગરો છે), **ગીરનાર,** ગીર, અને **શેત્રુંજો** એ કાઠિયાવાડમાં છે; **આબુ** ને **આરાસુર** (મહીકાંઠામાં), **પાવાગઢ** (પંચમહાલમાં), **રાજપીપળા** (રેવાકાંઠામાં), અને **પારનેરા** (સુરત જિલ્લામાં) છે.

નદીઓ:—(૧) **બનાસ.**—એ શિરોઈના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે.

(૨) **સરસ્વતી.**—એ શિરોઈના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે, તેનાપર સિદ્ધપુર શહેર છે. આ નદીનો થોડો ભાગ પૂર્વમાં વહે છે, તેને હિંદુ લોકો પવિત્ર માની ત્યાં શ્રાદ્ધ સરાવે છે.

(૩) **ફલકું.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે. તેના પર ધ્રાંગધ્રા શહેર છે.

(૩) **બ્રાંભણ.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે, તેનાપર ટીકર.

(૫) **મચ્છુ.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે, તેનાપર વાંકાનેર, મોરબી ને માળીઆ.

(૬). **આજી.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના અખાતને મળે છે, તેનાપર રાજકોટ ને બાળંભા.

(૭) ઉંડ.—એ બર્ડાના ડુંગરમાંથી નીકળી કચ્છના અખાતને મળે છે, તેનાપર જોડીઆ.

(૮). **ભાદર.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, તેનાપર જસદણ, જેતપુર, ગણોદ, ને નવીબંદર.

(૯). **હીરણ**—એ ગીર પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. તેની સાથે કપીલા ને સરસ્વતી નદીનો સંગમ થાય છે. તે સ્થળ પવિત્ર **ત્રિવેણી** કહેવાય છે. ત્રિવેણીને કંઠે **પ્રભાસપાટણ** છે. ત્યાં હિંદુ લોકો શ્રાદ્ધ સરાવે છે. ત્રિવેણીને કાંઠે જૂનો પીપળો છે, તે નીચે શ્રી કૃષ્ણ ભગવાને દેહ છોડ્યો હતો, માટે તેને **દેહોત્સર્ગ** કહે છે.

(૧૦). **શીંગવડો.**—એ ગીરપર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, તેનાપર કોડીનાર

(૧૧). **ધાંતરવડી.**—એ ગીર પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, તેનાપર રાજુલા.

(૧૨). **માલણ.**—એ શેત્રુંજાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર મહુવા.

(૧૩). **બગડ.**—એ શેત્રુંજાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર દાઠા.

(૧૪). **શેત્રુંજી.**—એ ગીર પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર ધારી, પાલીતાણા, ને તળાજા.

(૧૫). **શુકભાદર.**—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર રાણપુર ને નાગનેશ.

(૧૬). **સાબરમતી**.—એ અરવલીના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર સાદરા ને અમદાવાદ.

(૧૭). **વાત્રક**.—એ ડુંગરપુર પાસેથી નીકળી સાબરમતી નદીને મળે છે, તેનાપર આત્રસુંબા, મહેમદાવાદ ને ખેડા.

(૧૮). **મહી**.—માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર ખંભાત.

(૧૯). **ઢાઢર**.—એ રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર ટંકારીઆ.

(૨૦). **નર્મદા**.—એ સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેનાપર ચાણોદ, કર્નાળી, શુકલતીર્થ, ને ભરૂચ નર્મદાનું બીજું નામ **રેવા** છે. હિંદુ લોકો તેને પવિત્ર માને છે. એમાંથી શંકરનાં બાણ જડે છે.

(૨૧). **તાપી**.—એ સાતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, તેનાપર માંડવી, બુરાનપુર, રાંદેર ને સુરત.

(૨૨). **વઢવાણનો ભોગાવો**.—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી નળ સરોવરને મળે છે, તેનાપર ચોટીલા, મુળી, ને વઢવાણ.

(૨૩). **લીંબડીનો ભોગાવો**.—એ ચોટીલાના ડુંગરમાંથી નીકળી નળ સરોવરને મળે છે, તેનાપર લીંબડી.

નહેરો:—ગુજરાત પ્રાંતમાં મોટી નહેરો નથી. **હાથમતી** તથા **ખારી નદીની** નાની નહેરો છે, તે વડે ખેતરોને પાણી આપવામાં આવે છે. કેટલેક ઠેકાણે મોટાં તળાવો બાંધી તેમાંથી નહેરો વાટે ખેતરોને પાણી આપવામાં આવે છે. ગોંડળ સંસ્થાનમાં આવાં બે તળાવ છે. ગોંડળ પાસે **વેરીનું** ને બીજું **પાનેલીનું**. નહેરો દુકાળના વખતમાં ઘણી લાભકારી છે.

રણ.—કચ્છનું. એમાં રેતી હોય છે, વનસ્પતિ થતી નથી. એમાં મુસાફરી ઉંટપર થઈ શકે છે. આ રણની અંદર ચોમાસામાં પાણી ભરપૂર હોય છે. અસલ એ સમુદ્રનો ફાંટો કે સરોવર હશે.

સમુદ્ર.—અરબી.

અખાત.—કચ્છ ને ખંભાતનો.

બંદર.—વવાણીઆ, જોડીઆ, બેડી, સલાયા, દ્વારકાં, પોરબંદર, નવીબંદર, શીલ, માંગરોળ, વેરાવળ, દીવ, જાફરાબાદ, મહુવા, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ.

ગુજરાતનો કિનારો વાંકો ચુંકો ન હોતાં સીધો હોવાથી બારેમાસ સહીસલામત વહાણો રહી શકે તેવાં બંદર તેને કાંઈ નથી.

ભૂશિર.—જગત પોઇંટ (દ્વારકાં પાસે), દીવ.

બેટ.—શંખોદ્ધાર અથવા બેટ, દીવ, શીઆળ અને પીરમ.

દ્વીપકલ્પ.—કાઠિયાવાડ.

આબોહવા.—ગુજરાતમાં ચોમાસામાં નૈઋત્ય ખૂણાનો ભેજવાળો પવન વાદળાં ઘસડી લાવી વરસાદ વરસાવે છે. તેમાં ટાઢ, તાપ, અને વરસાદ દરેક ઋતુમાં જોઇએ તે પ્રમાણમાં પડે છે, પણ તેના ઉત્તર ભાગમાં પાસે રણ હોવાથી અને દરીઓ છેટે હોવાથી ત્યાંની હવા સુકી છે.

વનસ્પતિ.—ડુંગરાળ ભાગમાં વનસ્પતિ ઘણી થાય છે. કાઠિયાવાડના ગીરનારના ડુંગરમાં, ગુજરાતના ઉત્તરના, પંચમહાલના, ને રાજપીપળાના ડુંગરામાં સાગ, સીસમ, વાંસ વગેરે ઇમારતી લાકડું ઘણું થાય છે. આંબા, આમલી, લીમડા, મહુડા, રાયણ, પીપળા, વડ વગેરે ઝાડ ગુજરાતમાં ઘણાં થાય છે.

જાનવર.—જંગલોમાં વાઘ, દીપડા, ચિતા, રીંછ, ડુક્કર, સાબર,

હરણ વગેરે જાનવરો જોવામાં આવે છે. ગીરનારના જંગલમાં સિંહ થાય છે. ગાય, ભેંસ, બકરાં, ઘેટાં વગેરે ગ્રામ્ય પશુ સર્વ ઠેકાણે જોવામાં આવે છે. કાઠિયાવાડી ઘોડા, ને કડી પ્રગણાના બળદ વખણાય છે.

વસ્તી—ગુજરાત પ્રાંતની વસ્તી કાઠિયાવાડની વસ્તીથી આશરે ચાર ગણી છે, એટલે લગભગ એક કરોડ માણુસની છે. તેમાં દેશી રાજ્યોમાં ૫૦ લાખ, ગાયકવાડી રાજ્યમાં ૨૦ લાખ, અને ખાલસા મુલકમાં આશરે ૩૦ લાખ છે.

વસ્તીનો મુખ્ય ભાગ હિંદુ છે, તેથી ઉતરતા મુસલમાન છે, સુરત જિલ્લામાં થોડાઘણા પારસી છે, પંચમહાલ, મહીકાંઠા, અને રેવાકાંઠામાં ભીલ, કોળી, નાયકા વગેરે અનાર્ય જાતની વસ્તી ઘણી છે; આ ઉપરાંત કેટલાક ખ્રિસ્તિ જોવામાં આવે છે.

ધર્મ—હિંદુ લોકોમાં કેટલાક **શૈવધર્મી** છે તે શંકરને પૂજે છે, કેટલાક **વૈષ્ણવ** છે તે વિષ્ણુના ભક્ત છે, **જૈન** લોકો તીર્થંકરને માને છે. તેમાં બે ભેદ છે. શ્વેતાંબરી અને દિગંબરી. શ્વેતાંબરી પ્રતિમાને આંગી ચઢાવે છે, ને દિગંબરી ચઢાવતા નથી.

મુસલમાન લોકો મહંમદ પેગંબરને માને છે.

પારસી લોકો જરથોસ્ત પેગંબરને માને છે અને અગ્નિને પૂજે છે.

ભીલ, કોળી વગેરે **અનાર્ય** લોકો મેલા દેવને માને છે. તેઓ ઘણુંખરૂં ભૂત, પિશાચ, ખેતરપાળ, દેવી, કાકાબળિયા વગેરેને પૂજે છે; વળી તેઓ હિંદુના કેટલાક દેવને પણ માને છે.

ખ્રિસ્તી લોકો જીસસ ક્રાઇસ્ટને માને છે.

ભાષા.—ગુજરાત પ્રાંતના લોકની બોલી **ગુજરાતી** છે. કાઠિયાવાડના કિનારાપરના કેટલાક લોકો **કચ્છી** ભાષા બોલે છે, તે ગુજરાતી અને સિંધી ભાષાનું મિશ્રણ છે. આ ભાષા બોલવામાંજ માત્ર વાપરે છે. કેટલાક મુસલમાન લોકો ઉર્દુ ભાષા બોલે છે.

લોકોનાં લક્ષણ.—કાઠિયાવાડી લોક શરીરે મજબુત, તીખા, શોખીન, શાણા, અને બોલવામાં મીઠા છે; **અમદાવાદી** લોક ઉદ્યોગી, કસરની સાથે કોડીલા, વિવેકી ને પરગજુ છે; **સુરતી** લોક શોખીન, નાજુક, વિચિક્ષણ, અને સુંદર છે.

ધંધા—લોકોનો મુખ્ય આધાર ખેતી પર છે, તેથી વસ્તીનો મોટો ભાગ ખેતી કરી ગુજરાન ચલાવે છે. પહાડી પ્રદેશ જ્યાં ખેતી કમતી થાય છે, ત્યાં ઢોરચારૂ લોકો ઢોર પાળી ઉછેરે છે; તેની પેદાશ પર ગુજરાન ચલાવે છે. બીજા મુખ્ય ધંધા કારીગરી, મજુરી, વેપાર ને નોકરી છે. બંદરોમાં વસનાર કેટલાક લોકો ખલાસીનો ધંધો કરે છે.

ખેતીની પેદાશમાં જુદી જુદી જાતનાં અનાજ, તેલીબીઆં, ને રૂ છે.

ખનીજ પેદાશમાં કાઠિયાવાડમાં ઘણેખરે ઠેકાણે પત્થર નીકળે છે, તેમાં પોરબંદરનો પત્થર વખણાય છે. રાજપીપળામાં અકીકના પત્થર નીકળે છે, તેને ખંભાતમાં પકવી તેનાં બટન, એરીંગ વગેરે બનાવે છે. આરાસુરના ડુંગર પાસે દાંતાની ખાણમાંથી આરસ નીકળે છે. પંચમહાલમાં લોઢું નીકળે છે. દરીઆના પાણીનું ઘણે ઠેકાણે મીઠું પકવવામાં આવે છે, પાટડીના રણમાં ને ધ્રાંગધ્રાના કુડામાં કૂવાના પાણીમાંથી વરાગડું મીઠું પકવે છે.

હુન્નરી પેદાશમાં સુતરાઉ, રેશમી ને કસબી વણાટ મુખ્ય છે. અમદાવાદમાં સુતરાઉ કાપડ વણવાની પુષ્કળ મીલો છે. આ સિવાય સોના રૂપાની કારીગરીઓ, તાંબા પિત્તળનાં વાસણ, કાચ, સાબુ, માટીનાં વાસણ વગેરે ઘણા હુન્નરો કેટલાંક શહેરોમાં છે.

વેપારના માર્ગો.—અગાઉ જ્યારે આગગાડી નહોતી ત્યારે ગુજરાતનો વેપાર પગરસ્તે ગાડાં અને પોઠોથી ચાલતો, તેથી ઘણી અગવડ પડતી, વળી તે માલ ચોરાવાનો ભય પણ હતો. હાલ અંગ્રેજ

સરકારનું રાજ્ય થવાથી તે ભય મટી ગયો છે, તે સાથે આગગાડી, આગબોટ, અને કાચીપાકી પગરસ્તાની સડકો થવાથી વેપાર ચલાવવાની ઘણી સુગમતા થઇ છે. હાલમાં ચાર રસ્તે ગુજરાતનો વેપાર ચાલે છે. ૧ આગગાડીથી, ૨ વહાણ કે આગબોટથી, ૩ ગાડાંથી, ને ૪ પોઠોથી.

ગુજરાતમાં બૉમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઇંડિઆ રેલવે; રજપુતાના માળવા રેલવે; ભાવનગર, ગોંડળ-પોરબંદર, જુનાગઢ, જેતલસર-રાજકોટ, જામનગર, અને મોરબી રેલવે; અને તે સિવાય તેની નાની મોટી શાખા રેલવે થવાથી લાખો રૂપિયાનો માલ દેશાવર મોકલાય છે, ને મંગાવાય છે.

બૉમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઇંડિયા રેલવેનાં સ્ટેશનો.–વઢવાણ જંકશન, લખતર, વીરમગામ જંકશન, સાણંદ, અમદાવાદ જંકશન, મહેમદાવાદ, નડીઆદ, આણંદ જંકશન, વડોદરા જંકશન, મીયાંગામ જંકશન, ભરૂચ, અંકલેશ્વર, સુરત, સચીન, નવસારી, વલસાડ, વગેરે.

રજપુતાના માળવા રેલવેનાં સ્ટેશનો.–વીરમગામ જંકશન, મેસાણા, સિદ્ધપુર, પાલણપુર, વગેરે.

ગોધરા રેલવેનાં સ્ટેશનો.—આણંદ જંકશન, ડાકોર, ડોસરા, ગોધરા, દાહોદ, વગેરે.

નિકાસ—આપણા પ્રાંતમાંથી મીલોમાં બનતું સુતરાઉ કાપડ, અનાજ, રૂ, ગળી, તેલીબીઆં, ચામડાં, વગેરે માલ પરદેશ જાય છે.

આવક.—આપણા પ્રાંતમાં સુતરાઉ, રેશમી, અને ઉનનું કાપડ, લોઢાનો સામાન, કોયલા, ખાંડ, કેરોસીન, કાચ, દવા, વગેરે માલ પરદેશથી આવે છે.

રાજ્યતંત્ર.—ગુજરાત પ્રાંતના ઉપરી **કમિશનર સાહેબ** છે.[૧] તેમની કચેરી અમદાવાદમાં છે. જિલ્લાઓના કલેકટર સાહેબોના તે

ઉપરી છે, તેમના ઠરાવપર તે સાહેબ અરજી સાંભળે છે. આખા પ્રાંતના પોલિસ ખાતાપર દેખરેખ રાખવાનું કામ પણ તેમનુંજ છે.

દરેક જિલ્લાના ઉપરી **કલેકટર સાહેબ** છે. તે પોતાના જિલ્લાની વસુલાત એકઠી કરે છે, ને ખર્ચ થાય તે આપે છે. તે લોકોપયોગી હરેક કામપર દેખરેખ રાખે છે. તેઓ ફોજદારી અને મહેસુલ સંબંધી કામનો ઈન્સાફ પણ કરે છે, આ વખતે તેઓ **માજિસ્ત્રેટ સાહેબ** કહેવાય છે.

કલેકટર સાહેબને મદદ કરવાને તેમના હાથ નીચે બે ત્રણ **આસિસ્ટંટ કલેકટરો** અને એક **ડેપ્યુટી કલેકટર** હોય છે. તેઓ પોતાના તાબાના તાલુકાઓની ઉપજ તથા ફોજદારી કામની તપાસ રાખે છે.

તાલુકામાં મુખ્ય અધિકારી **મામલતદાર** હોય છે. તેમને પણ કલેકટરની માફક માજિસ્ત્રેટનો અખત્યાર હોય છે. તેમના કામપર આસિસ્ટંટ કલેકટર દેખરેખ રાખે છે.

મામલતદારના તાબામાં ગામડાઓમાં **તલાટી** હોય છે. તે ગામડાની વસુલાત ઉઘરાવે છે. તે ઉઘરાવવામાં ગામનો **મુખી** તેને મદદ કરે છે. મુખી પોલિસ પટેલનું કામ પણ કરે છે.

પોલિસપટેલના ઉપરી **ફોજદાર** તે તાલુકાના મુખ્ય ગામમાં રહે છે. તેઓ મામલતદારને ફોજદારી કામમાં મદદ કરે છે. ફોજદારના ઉપરી **પોલિસ સુપરિન્ટેન્ડન્ટ** તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

---

૧ ગુજરાતપ્રાંતના કમિશ્નર સાહેબના તાબામાં થાણા જિલ્લો પણ છે. ગુજરાતપ્રાંત ને થાણા જિલ્લો મળી મુંબઈ ઈલાકાનો **ઉત્તર વિભાગ** કહેવાય છે.

તાલુકાના લેણદેણ સંબંધી કામકાજ **મુન્સફ** નામે અધિકારી કરે છે. તેમને માથે જિલ્લાના **જડજ** સાહેબ છે, તે તેમના ઠરાવપર અરજી સાંભળે છે, વળી જડજ સાહેબ ખુન કરનારા, ધાડ પાડનારા, જુઠી સાક્ષી પૂરનારા, જુઠાં ખત લખનારા, તથા બીજા ભારે ગુન્હા કરનારાઓને માજિસ્ત્રેટે મોકલ્યા હોય, તેમનો ઇન્સાફ કરે છે.

પરચુરણ ખાતાં.

કેળવણી ખાતું.—આખા પ્રાંતની કેળવણી ઉપર **એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ** દેખરેખ રાખે છે. તેઓ કેળવણીના સુધારા વધારા માટે ઉપાયો કરે છે. તેમના તાબામાં જિલ્લામાં **ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર** છે, ને તેમને મદદ આપવાને **આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર** છે. થોડાં વર્ષ થયાં કાઠિયાવાડનાં મોટાં રાજ્યોને સરકારે કેળવણી ખાતું સોંપેલું છે, તેથી તેમણે તેમના રાજ્યમાં નિશાળોની તપાસ માટે જુદા જુદા આધકારી નીમેલ છે.

જાહેર બાંધકામ ખાતું—જાહેર રસ્તા, પૂલ, તળાવ, ધર્મશાળા, વગેરે સરકારી મકાનો બાંધવાને તથા સમારવાને આ ખાતું છે. આને માટે તાલુકામાં **ઓવરશિયર** હોય છે. જિલ્લામાં **ઇંજનેર**, અને પ્રાંતમાં **વડા ઇંજનેર** સાહેબ હોય છે.

માપણી ખાતું—જમીનની માપણી કરવાને આ ખાતું છે. જમીન માપનારને **મોજણીદાર** કહે છે, અને તેના ઉપરીને **સરવૈ સુપરિન્ટેન્ડેન્ટ** કહે છે.

જંગલ ખાતું.—જંગલની દેખરેખ રાખવાને આ ખાતું છે.

વૈદક ખાતું.—માંદા માણસની સારવાર કરવાને આ ખાતું છે. તેને માટે તાલુકાના દવાખાનામાં ડાકટર હોય છે, તેમના ઉપરી જિલ્લાના મોટા દવાખાનાના ડાકટર સાહેબ છે.

શીતળા ખાતું.— નાનાં બાળકોને શીળી કાઢવાને આ ખાતું છે.

પોસ્ટ ખાતું.—કાગળો, બેંગી, તથા પૈસા એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોંચાડવાને આ ખાતું છે, વળી તે પૈસા વ્યાજે પણ રાખે છે. દરેક મોટા મોટા ગામોમાં પોસ્ટ ઓફિસ છે, તેના ઉપરીને **પોસ્ટમાસ્ટર** કહે છે.

મ્યુનિસિપાલ ખાતું.—રસ્તા સાફ રાખવાનું, પાણી છંટાવવાનું, રાત્રે દીવા કરાવવાનું, લોકોની તંદુરસ્તી જાળવવાનું, અને પ્રજાને શરૂઆતની કેળવણી આપવાનું કામ મ્યુનિસિપાલિટીનું છે. ૪૦૦૦ કરતાં વધારે વસ્તીવાળાં ગામમાં મ્યુનિસિપાલિટી હોય છે. તે કામ લોકો તરફથી થોડા ને સરકાર તરફથી થોડા નીમાયલા સભાસદો કરે છે. આ ખાતાપર દેખરેખ મામલતદાર કે કલેકટર સાહેબની હોય છે.

લોકલબોર્ડ ખાતું.— સરકાર જમીન પર કર લે છે, તે પર રૂપિયે એક આના મુજબ બીજા પૈસા લઈ **લોકલફંડ** નામનું ફંડ એકઠું કરે છે. તેમાંથી લોકોના સુખને માટે કેળવણી, રસ્તા, કૂવા, તળાવ વગેરે પાછળ પૈસા ખર્ચવામાં આવે છે. આનો વહીવટ લોકો તરફથી થોડા ને સરકાર તરફથી થોડા નીમાયલા સભાસદો કરે છે. તાલુકા લોકલબોર્ડમાં મુખ્ય ભાગ મામલતદાર લે છે, અને જિલ્લા લોકલબોર્ડમાં મુખ્ય ભાગ કલેકટર સાહેબ લે છે.

દેશી રાજ્યો.

ગાયકવાડી રાજ્ય. હિંદના નામદાર વાઈસરોયની દેખરેખ નીચે છે, તેમની તરફથી વડોદરામાં **રેસિડન્ટ સાહેબ** રહે છે.

કાઠિયાવાડ એજન્સિ મુંબઇના નામદાર ગવર્નર સાહેબની દેખરેખ નીચે છે, તેમની તરફથી એજંટ ટુ ધી ગવર્નર સાહેબ

રાજકોટમાં રહે છે. બાકીની એજન્સિઓ ગુજરાત પ્રાંતના કમિશ્નર સાહેબની દેખરેખ નીચે છે. **પાલણપુર એજન્સિનો** પોલિટિકલ એજંટ પાલણપુરમાં, અને **મહીકાંઠાનો** પોલિટિકલ એજંટ સાદરામાં રહે છે.

નાની એજન્સિઓમાં પોલિટિકલ એજંટ જુદો ન રાખતાં પાસેના જિલ્લાના કલેકટરની દેખરેખ નીચે મૂકાય છે અને તે, તે એજન્સિનો પોલિટિકલ એજંટ કહેવાય છે.

રેવાકાંઠા ને **પંચમહાલ** એજન્સિનો પોલિટિકલ એજંટ પંચમહાલ જિલ્લાના કલેકટર સાહેબ છે, તે ગોધરામાં રહે છે. **સુરત એજન્સિનો** પોલિટિકલ એજંટ સુરતના કલેકટર સાહેબ છે. **ખંભાત સંસ્થાનનો** પોલિટકલ એજંટ ખેડાના કલેકટર સાહેબ છે.

પોલિટિકલ એજંટો દેશી રાજાઓને સારી સલાહ આપે છે, અને તેઓ તેમના રાજ્યમાં સારો બંદોબસ્ત રાખે છે કે નહિ તેની દેખરેખ રાખે છે. વળી તેઓ રાજા રજવાડા પાસેથી ખંડણી વસુલ કરી ગાયકવાડ અગર જેને આપવાની હોય તેને પહોંચાડે છે, કોઈ રાજા બાળકુંવર મૂકી મરી જાય તો તેનું રાજ્ય પોતાની દેખરેખ નીચે લઇ સુધારી આપે છે, કોઇ રાજા દેવું મૂકી મરી ગયો હોય તો તે પતાવી દે છે.

ઇતિહાસ— ગુજરાતમાં પ્રથમ **રજપુત** રાજાઓનું રાજ્ય હતું. છેલ્લા રાજા કરણ વાઘેલા પાસેથી દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ રાજ્ય જીતી લીધું, ત્યારથી ગુજરાતમાં દિલ્હીના પાદશાહોના **સુબાઓ** આવતા. દિલ્હીની પાદશાહી નબળી પડતાં ગુજરાતના સુબાઓ સ્વતંત્ર થઈ ગયા. જ્યારે દિલ્હીની ગાદીએ અકબર પાદશાહ થયો, ત્યારે તેણે ગુજરાત જીતી લઈ દિલ્હીની પાદશાહીમાં

ભેળી દીધું. મોગલ રાજ્યની પડતીમાં મરાઠા જોરપર આવ્યા, આ વખતમાં ગુજરાતમાં **ગાયકવાડી** રાજ્ય સ્થપાયું. પેશ્વા સરકારે ગાયકવાડ પાસેથી ભાગ લીધો. પછી જ્યારે પેશ્વાઇ રાજ્ય અંગ્રેજ સરકારે લીધું, ત્યારે ગુજરાત અંગ્રેજ સરકારના હવાલામાં આવ્યું. અંગ્રેજ સરકારે ગાયકવાડ સાથે કરાર કરી કેટલાક મુલકનો અદલો-બદલો કરેલ છે. આ રીતે ગુજરાત પ્રાંત હાલની સ્થિતિએ આવેલ છે.

કાઠિયાવાડ.

આ મોટો દ્વીપકલ્પ છે. એનું અસલ નામ **સોરાષ્ટ્ર** (સોરઠ) હતું, પણ જ્યારથી આ પ્રાંતમાં કાઠી લોકોનું જોર વધ્યું, ત્યારથી **કાઠિયાવાડ**ને નામે ઓળખાય છે.

સીમા— ઉત્તરે કચ્છનું રણ, વાયવ્ય ખૂણમાં કચ્છનો અખાત, પશ્ચિમે અને દક્ષિણે અરબી સમુદ્ર, અને પૂર્વમાં ખંભાતનો અખાત અને અમદાવાદ જિલ્લો છે.

વિસ્તાર—પૂર્વ પશ્ચિમ લંબાઇ ૨૦૦ મૈલ, અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૧૭૫ મૈલ છે. ગાયકવાડી અને ફીરંગી સંસ્થાન બાદ કરતાં એનું ક્ષેત્રફળ ૨૦,૫૫૯ ચોરસ મૈલ છે, એટલે ગોંડળ સંસ્થાનથી વીશગણું છે.

વસ્તી:—૨૩,૦૦,૦૦૦ માણસની છે, એટલે ગોંડળ સંસ્થાનની વસ્તી કરતાં ૧૪ ગણી છે.

પહાડો:—(૧) **ચોટીલો**—એ ઝાલાવાડ અને કાઠિયાવાડ પ્રાંતમાં આવેલો છે. આ ડુંગરની આસપાસના ભાગને **પાંચાળ** કહે છે, તેમાં ખેતી બહુ સારી થતી નથી, પણ ઘાસ બહુ નીપજે છે. પાંચાળના ઘોડા વખણાય છે.

(૨) **બર્ડો**—એ હાલાર અને બર્ડા પ્રાંતમાં છે. એમાં ઓસમ

ને આલેચના ડુંગરો આવેલા છે. આ ડુંગરમાં વાંસની પેદાશ બહુ થાય છે. ઓસમના ડુંગરપર **માત્રી માતાનું** સ્થાનક છે, આલેચના ડુંગરમાં **બીલેશ્વર મહાદેવની** પ્રસિદ્ધ જગ્યા છે.

(૩) **ગીરનાર**—આ પર્વત સોરઠમાં આવેલો છે, તે કાઠિયાવાડમાં સૌથી ઉંચો છે. એની ઉંચાઈ ૩૭૦૦ ફૂટ છે. એનાપર **અંબાજીમાતા, ગુરૂ દત્તાત્રય** અને **ગોરખનાથ** એ હિંદુઓનું, **નેમનાથ** એ જૈનલોકોનું, અને **દાતાર** એ મુસલમાન લોકોનું જાત્રાનું ઠેકાણું છે. આ ડુંગરપર સુગંધીદાર વનસ્પતિ ઘણી થાયછે.

(૪) **ગીર**—આ પર્વત સોરઠમાં આવેલ છે. તેનું જંગલ ૩૦ મૈલ લાંબું ને ૧૦ મૈલ પહોળું છે. તેમ ઘાસ પુષ્કળ થાય છે માટે રબારી લોકો ઘણા રહે છે. ગીરમાં ઈમારતી લાકડું, ઘી, મધ, અને મીણની પેદાશ વિશેષ છે. હિંદુસ્તાનમાં સિંહ ફક્ત ગીરના જંગલમાં થાય છે. આ જંગલમાં **તુળશીશ્યામ** જાત્રાનું ઠેકાણું છે, ત્યાં ઉના પાણીના કુંડ છે. **પ્રાચીની** જૂની જગ્યા પણ આ ડુંગરમાં છે.

(૫) **શેત્રુંજો**—આ ડુંગર ગોહેલવાડમાં આવેલો છે. તેની ઉંચાઈ ૧૫૦૦ ફૂટ છે. એનાપર જૈન લોકોએ લાખો રૂપિયા ખરચી સુંદર દહેરાં બંધાવેલાં છે. સૌથી શ્રેષ્ઠ **આદિનાથ ભગવાનનું** છે. હજારો શ્રાવક લોકો ત્યાં જાત્રાએ આવે છે.

કચ્છના રણને મળનારી નદીઓ:—ફલકું, બાંભણ, મચ્છુ.

કચ્છના અખાતને મળનારી નદીઓ:—ઘોડાધ્રોઈ, આજી, ઉંડ, રંગમતી, રામાવતી અને ઘી.

અરબી સમુદ્રને મળનારી નદીઓ:—ભાદર, હીરણ, શીંગવડો, ધાંતરવડી.

ખંભાતના અખાતને મળનારી નદીઓ:—માલણ, બગડ, શેત્રુંજી, કાળુભાર, શુકભાદર.

નળ સરોવરને મળનારી નદીઓ:--લીમડીનો ભોગાવો, વઢવાણનો ભોગાવો.

રણ:--કચ્છનું. **સમુદ્ર:**--અરબી. **અખાત:**--કચ્છનો ને ખંભાતનો.

બંદર:--વવાણીઆ, જોડીઆ, બેડી, સલાયા, દ્વારકાં, પોરબંદર, નવી બંદર, સીલ, માંગરોળ, વેરાવળ, દીવ, જાફરાબાદ, મહુવા, ભાવનગર.

આ બંદરોનો વેપાર પ્રથમ વહાણુ રસ્તે ચાલતો, હાલમાં આગબોટો થવાથી વેપાર અને મુસાફરીની વધારે સુગમતા થઈ છે. મુંબઈથી નીકળેલી આગબોટ ભાવનગર, મહુવા, જાફરાબાદ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, માંડવી (કચ્છ) થઈ કરાંચી જાય છે. વળી આગબોટ અને રેલવે કંપનીઓ જોડાઈ જવાથી વેપારીઓને આગબોટ રસ્તેથી રેલવે મારફત માલ મંગાવવો સુગમ થઈ પડ્યો છે.

ભૂશિર:--જગતપોઇંટ, દીવ.

બેટ:--શંખોદ્ધાર અથવા બેટ, દીવ, શીઆળ, પીરમ.

વઢવાણ જંકશનથી ભાવનગર સુધીનાં રેલવે સ્ટેશનો:-વઢવાણ જંકશન, વઢવાણ શહેર, લીંબડી, ચુડા, રાણપુર, બોટાદ, ધોળા જંકશન, સોનગઢ, શિહોર જંકશન, ભાવનગર.

ધોળા જંકશનથી પોરબંદર સુધીનાં સ્ટેશનો:—ધોળા જંકશન, લાઠી, ચિતળ, જેતપુર, જેતલસર જંકશન, ધોરાજી, સુપેડી, ઉપલેટા, ખાખીજાળીયા, ભાયાવદર, પાનેલી, જામજોધપુર, રાણાવાવ, અને પોરબંદર.

જામનગરથી વેરાવળ સુધીનાં સ્ટેશનો:--જામનગર, પડધરી, રાજકોટ જંકશન, રીબડા, ગોંડળ, વીરપુર, નવાગઢ, જેતલસર જંકશન, વડાળ, જુનાગઢ, શાહપુર જંકશન, કેશોદ, છાટીના માળીયા, વેરાવળ.

વઢવાણ જંકશનથી રાજકોટ સુધીનાં સ્ટેશનો.--વઢવાણ જંકશન, મૂળી, વાંકાનેર, રાજકોટ જંકશન.

કાઠિયાવાડમાં નીપજ:--બાજરી, જુવાર, ઘઉં, કઠોળ, તેલીબીઆં, શેરડી, અને રૂ.

ખનીજ પેદાશ:--પત્થર, મીઠું.

નિકાસ:--પોરબંદરી પત્થર, ઘી, રૂ. તેલીબીઆં, અનાજ.

કાઠિયાવાડમાં નાનાં મોટાં ૧૯૩ સંસ્થાન છે. અંગ્રેજ સરકારે તેમને લાયકાત પ્રમાણે હક્ક આપેલા છે. તેમાં બધાં મળી ૪૫૧૧ ગામ છે.

વર્ગવાર તાલુકા.

પહેલો વર્ગ.

સંસ્થાન.	રાજકર્ત્તાની જાત.	રાજકર્ત્તાના ઇલકાબ.
૧. જુનાગઢ.	બાબી મુસલમાન.	નવાબ સાહેબ.
૨. જામનગર.	જાડેજા રજપુત.	જામસાહેબ.
૩. ભાવનગર.	ગોહેલ રજપુત.	મહારાજા સાહેબ.
૪. પોરબંદર.	જેઠવા રજપુત.	રાણા સાહેબ.
૫. ધ્રાંગધ્રા.	ઝાલા રજપુત.	રાજસાહેબ.
૬. મોરબી.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૭. ગોંડળ.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૮. જાફરાબાદ.	હબશી મુસલમાન.	નવાબ સાહેબ.

ઉપલાં સંસ્થાનોને દીવાની તથા ફોજદારી કામમાં કુલ અખત્યાર છે.

બીજો વર્ગ.

૧. વાંકાનેર.	ઝાલા રજપુત.	રાજ સાહેબ.
૨. પાલીતાણા.	ગોહેલ રજપુત.	ઠાકોર સાહેબ.

૩.	ધ્રોળ.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૪.	લીંબડી.	ઝાલા રજપુત.	ઠાકોર સાહેબ.
૫.	રાજકોટ.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૬.	વઢવાણ.	ઝાલા રજપુત.	ઠાકોર સાહેબ.

ઉપલાં સંસ્થાનોને ફોજદારી કામમાં મોતની શિક્ષા માટે પોલિટિકલ એજન્ટની મંજુરી માગવી પડે છે, અને દીવાની કામમાં કુલ અખત્યાર છે.

ત્રીજો વર્ગ.

૧.	વળા.	ગોહેલ રજપુત.	ઠાકોર સાહેબ.
૨.	લખતર.	ઝાલા રજપુત.	ઠાકોર સાહેબ.
૩.	બાંટવા.	બાબી મુસલમાન.	બાબી સાહેબ.
૪.	જસદણ.	ખાચર કાઠી.	તાલુકદાર સાહેબ.
૫.	સાયલા.	ઝાલા રજપુત.	ઠાકોર સાહેબ.
૬.	ચુડા.	ઝાલા રજપુત.	ઠાકોર સાહેબ.
૭.	જેતપુર.[૧]	વાળા કાઠી.	તાલુકદાર સાહેબ.

ઉપલાં સંસ્થાનોને ફોજદારી કામમાં સાત વર્ષ સુધીની સખ્ત

---

૧. કાઠીઓમાં ભાઇએ ભાગ વહેંચવાનો ધારો હઇ જેતપુરમાં ૧૫ તાલુકદારો થયા છે. હાલમાં સરકારે વડાકુંવરને રાજ્ય આપવાનો ધારો કર્યો છે. જેતપુરમાં સૌથી મોટો ભાગ બાવાવાળાનો રૂપિયે ત્રણ આના છે, તે **વડીઆમાં** રહે છે. લખમણવાળાનો બે આના ભાગ છે તે **થાણાદેવળીમાં** રહે છે. આ બંને તાલુકદારોને ત્રીજા વર્ગનો અધિકાર છે. મુળુવાળાનો બે આના ભાગ છે તે **પીઠડીઆમાં** રહે છે, તેમને ચોથા વર્ગનો અધિકાર છે. નાજાવાળાને ચોથાવર્ગનો અધિકાર છે, તે **બીલખામાં** રહે છે.

કેદ અને રૂપિયા દશ હજાર સુધીનો દંડ, તથા દીવાની કામમાં ૨૦ હજાર રૂપિયા સુધીના દાવા ચૂકવવાનો અખત્યાર છે.

ચોથો વર્ગ.

૧.	મૂળી.	પરમાર રજપુત.	ઠાકોર સાહેબ.
૨.	લાઠી.	ગોહેલ રજપુત.	ઠાકોર સાહેબ.
૩.	બજાણા.	મલેક મુસલમાન.	મલેક સાહેબ.
૪.	વીરપુર.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૫.	કોટડા સાંગાણી.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૬.	માળીયા.	જાડેજા રજપુત.	ઠાકોર સાહેબ.
૭.	પાટડી.	કણબી.	દેશાઈ સાહેબ.

ઉપલાં સંસ્થાનોને ફોજદારી કામમાં ત્રણ વર્ષ સુધી સખ્ત કેદ, અને રૂપિયા પાંચ હજાર સુધીનો દંડ, તથા દીવાની કામમાં ૧૦ હજાર રૂપિયા સુધીના દાવા ચૂકવવાનો અખત્યાર છે.

પાંચમા વર્ગનાં સંસ્થાનોને ફોજદારી કામમાં બે વર્ષ સુધીની કેદ અને ૧ હજાર રૂપિયા સુધી દંડ કરવાનો, તથા દીવાની કામમાં રૂપિયા પાંચ હજાર સુધીના દાવા ચૂકવવાનો અખત્યાર છે.

છઠ્ઠા વર્ગના સંસ્થાનોને ફોજદારી કામમાં ત્રણ માસ સુધીની કેદ અને ૨૦૦ રૂપિયા સુધી દંડ કરવાનો, અને દીવાની કામમાં રૂપિયા ૫૦૦ સુધીના દાવા ચૂકવવાનો અખત્યાર છે.

સાતમા વર્ગનાં સંસ્થાનોને ફોજદારી કામમાં ૧૫ દિવસ સુધીની કેદ અને દીવાની કામમાં બિલકુલ અખત્યાર નથી.

કાઠિયાવાડ એજન્સિની દેખરેખ એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબ રાખે છે, તેમને મદદ કરવાને નીચેના ૪ પ્રાંતમાં એકેક પોલિટિકલ એજન્ટ સાહેબ રહે છે.

૧. **ઝાલાવાડ પ્રાંતમાં**—સ્ટેશન વઢવાણ કાંપ.
૨. **ગોહેલવાડ પ્રાંતમાં**—સ્ટેશન સોનગઢ.
૩. **સોરઠ પ્રાંતમાં**—સ્ટેશન જેતલસર.
૪. **હાલાર પ્રાંતમાં**—સ્ટેશન રાજકોટ.

ચારે પ્રાંતમાં નીચે મુજબ સરકારી થાણાં છે.

ઝાલાવાડ પ્રાંતમાં:—વઢવાણ કેમ્પ, ચોટીલા, ભોઇકા, દસાડા, વીઠલગઢ અને પાળીઆદ.

ગોહેલવાડ પ્રાંતમાં:—સોનગઢ, ચમારડી, ચોક, ઢાઠા ને બાબરા.

સોરઠ પ્રાંતમાં:—જેતલસર, બગસરા, લાખાપાદર ને ડેડાણ.

હાલાર પ્રાંતમાં:—રાજકોટ, માળીયા, ધ્રાફા, લોધીકા ને મૂળીલા.

અંગ્રેજ સરકારે રાજ્યના બંદોબસ્તને માટે ૪ ભાગ કરેલા છે. પણ રાજ્યકર્ત્તાની જાત વગેરેપરથી તેના દશ ભાગ છે. ૧ ઝાલાવાડ, ૨ ગોહેલવાડ, ૩ ઉંડસરવૈયાવાડ, ૪ બાબરીઆવાડ, ૫ કાઠિયાવાડ, ૬ સોરઠ, ૭ બર્ડો, ૮ હાલાર, ૯ મચ્છુકાંઠો, ૧૦ ઓખામંડળ. આ દશ ભાગ પૈકી ઝાલાવાડને ઝાલાવાડ પ્રાંતમાં; ગોહેલવાડ અને ઉંડ-સરવૈયાવાડને ગોહેલવાડ પ્રાંતમાં; બાબરીઆવાડ, કાઠિયાવાડ અને સોરઠને સોરઠ પ્રાંતમાં; અને હાલાર ને મચ્છુકાંઠાને હાલાર પ્રાંતમાં સરકારે ગોઠવ્યા છે. ઓખામંડળ તો ગાયકવાડ સરકારના અમરેલી પ્રાંતમાં ગણાય છે.

ઝાલાવાડ પ્રાંત.

આ પ્રાંતમાં ઝાલા રજપુતોનું રાજ્ય હોવાથી તેનું નામ ઝાલા-વાડ પડેલું છે.

પર્વત.—ચોટીલાનો.

નદી.--શુકભાદર, લીંબડીનો ભોગાવો, વઢવાણનો **ભોગાવો,** ફલકું, બાંભણ, ને મચ્છુ.

રણ.--પાટડીનું. **સરોવર.**--નળ (બાવળી પાસે).

શાખા રેલવે.--વઢવાણ જંકશનથી ધ્રાંગધ્રા જાય છે, ને વીરમગામ જંકશનથી પાટડી થઈ ખારાઘોડા જાય છે.

નીપજ.--બાજરી, જુવાર, ઘઉં, કઠોળ, કપાસ.

ખનીજ પેદાશ.--મીઠું ને પત્થર.

સંસ્થાન.--ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ, વાંકાનેર, **લખતર,** સાયલા, ચુડા, બજાણા, વગેરે.

જાણીતાં સ્થળો.--**વઢવાણ કેમ્પમાં** તાલુકદારી ગ્રાસિયા સ્કૂલ તથા કાપડની મીલ છે; **ધ્રાંગધ્રા, લીંબડી, વાંકાનેર** ને **વઢવાણમાં** હાઈસ્કૂલ છે. **ધ્રાંગધ્રા** (વસ્તી ૧૫૦૦૦)ના પત્થર, **પાટડી** ને **કુડાનું** વરાગડું મીઠું, **લીંબડી** ને **સાયલાની** સુડીઓ, **વઢવાણનો** પત્થર ને **સાબુ, થાનનાં** માટીનાં વાસણ, **ચુડાના** લોઢાના દેશી કાંટા, અને **ભાલના** ઘઉં વખણાય છે. **મુળીમાં** સ્વામીનારાયણનું ધામ છે. **સાયલામાં** રામચંદ્રજીનું દેવળ છે, તે ત્યાંના વાણીઆ લાલાભક્તે બંધાવેલ છે, આથી સાયલા ભગતનું ગામ કહેવાય છે. **ઝીંઝુવાડાના** કિલ્લાની કારીગરી સરસ છે, તે સિદ્ધરાજના પ્રધાને બંધાવેલ છે.

વિશેષ હકીકત:--ઝાલાવાડની ઉત્તરનો ભાગ જે કચ્છના રણને લગતો આવેલ છે, તેને **રણકાંઠો** કહે છે. તેમાં ઉનાળામાં ઘણી ગરમી પડે છે, ને પવનનાં તોફાંન થઈ રેતી ઘણી ઉડે છે. ઝાલાવાડનો પૂર્વભાગ **નળકાંઠો** કહેવાય છે. તેમાં બીર, થેગ, ને રાડાં થાય છે. બીરની ગાંઠો સૂકવી દળીને ગરીબ લોકો તેના રોટલા કરી

ખાય છે. થેગ મીઠી હોય છે, ફરાળમાં તેનો શીરો કરી ખાય છે. લીંબડી સંસ્થાનને લગતો ભાગ **ભાલ** કહેવાય છે. ચોટીલાની આસપાસનો ભાગ **પાંચાળ** કહેવાય છે.

ગોહેલવાડ પ્રાંત.

આ પ્રાંતમાં ગોહેલ રજપુતનું રાજ્ય હોવાથી આ પ્રાંતનું નામ ગોહેલવાડ પડયું છે.

પર્વત.—શેત્રુંજો. એના ઉપર શ્રાવક લોકોએ લાખો રૂપિયા ખર્ચી રૂપાળાં દહેરાં બાંધ્યાં છે.

નદી.—ધાંતરવડી, માલણ, બગડ, શેત્રુંજી, કાળુભાર ને ઘેલો.

શાખા રેલવે.—શિહોરથી પાલીતાણા જાય છે.

નીપજ.—બાજરી, જુવાર, ઘઉં, કપાસ, શેરડી, વગેરે.

સંસ્થાન.—ભાવનગર, પાલીતાણા, વળા, લાઠી, વગેરે.

જાણીતાં સ્થળો.—**ભાવનગર** શહેર (વસ્તી ૫૬,૦૦૦) આખા કાઠિયાવાડમાં વેપારમાં સરસ ગણાય છે. તેમાં મહા વિદ્યાલય (આર્ટ્સ કોલેજ), એક હાઈસ્કૂલ, અને એક મીલ છે. **મહુવામાં** રમકડાં સારાં થાય છે. માલણ નદીમાંથી નહેર આણી મહુવામાં બગીચો ઘણો સારો બનાવ્યો છે. તેમાં આંબા, નાળિએરી વગેરેનાં મળી ૪૦ હજારથી વધારે ઝાડ છે. **શિહોર** તાંબા પિત્તળનાં વાસણને માટે પ્રખ્યાત છે, આ શહેરમાં છીકણી સારી થાય છે. **કુંડલા** ઢોલીઆ ને લોઢાના કાંટાને માટે પ્રખ્યાત છે. **બોટાદમાં** પટારા સારા થાય છે. **રાજુલા** પાસે **પીપાવાવમાં** કોળી ભક્ત પીપો થઈ ગયો છે. **તળાજા** પાસેના ડુંગરમાં જૂના વખતમાં **એભલવાળાએ** મોટી ગુફાએ બંધાવેલી છે, એક ગુફામાં ખોડીઆર માતા છે. **લીલીઆ**

માં ધોળી શેરડી સારી થાય છે. **ગઢડામાં** સ્વામીનારાયણનું મોટું ધામ છે. **ગોપનાથ** હવા ખાવાની જગ્યા છે.

પાલીતાણા શેત્રુંજાના ડુંગરને લીધે પ્રખ્યાત છે.

વળા પાસે વલ્લભીપુર શહેરનું ખંડેર છે.

વિશેષ હકીકતઃ--લીલીઆની આસપાસનો ભાગ **ખારાપાટને** નામે ઓળખાય છે. તેમાં શેરડી, મરચાં ને કપાસની પેદાશ સારી થાય છે. શેત્રુંજી નદીની દક્ષિણનો ભાગ **વાળાક** નામે ઓળખાય છે. તેમાં ફળદ્રુપ ઝાડ ને ઘાસની પેદાશ ઘણી છે. વાળાકની ભેંસો વખણાય છે.

ઉંડસરવૈયાવાડ.

આ પ્રાંતની જમીન ઉંડી હોવાને લીધે તથા તેમાં સરવૈયા રજપુતનું રાજ્ય હોવાને લીધે ઉંડસરવૈયા નામ પડયું છે.

નદી.—બગડ.

નીપજ.--બાજરી, જુવાર, ઘઉં, કઠોળ ને કપાસ.

સંસ્થાન—ડાઠા, ગણધોળ, ચોક વગેરે.

બાબરીઆવાડ.

આ પ્રાંતમાં બાબરીઆ કાઠીનું રહેઠાણ હોવાથી બાબરીઆવાડ નામ પડયું છે.

નદી.--ધાંતરવડી.

નીપજ.—બાજરી, જુવાર, કઠોળ, ઘી, કપાસ.

નિકાસ.--જાફરાબાદ બંદરેથી ઘી પરદેશ ઘણું જાય છે.

સંસ્થાન.--જાફરાબાદ એ હબશીનું છે, ડેડાણ.

કાઠિયાવાડ.

આ પ્રાંતમાં કાઠીઓનું રાજ્ય હોવાથી કાઠિયાવાડ નામ પડયું છે.

પર્વત.--ચોટીલાનો.

નદી.--ભાદર, શેત્રુંજી, શુકભાદર.

નીપજ.--બાજરી, ઘઉં, કઠોળ, કપાસ, દેશી ગોળ.

સંસ્થાન.--જસદણ, જેતપુર, બીલખા, બગસરા, વસાવડ.

ગાયકવાડનાં ગામ.--અમરેલી અને ધારી.

જાણીતાં સ્થળ.--**બીલખા**ના ઢોલીઆ ને ધાબળા, અને **ધારીનો** ઘોડાનો સામાન અને તરવારનાં મ્યાન વખણાય છે. **બગસરા**માં દેશી રંગાટ ને વણાટકામ સારૂં થાય છે. શગાળશા શેઠનાં જીર્ણ મકાન બીલખામાં છે.

સોરઠ પ્રાંત.

કાઠિયાવાડ એજન્સિનું અસલ નામ સૌરાષ્ટ્ર (સોરઠ) હતું. આજે પણ જુનાગઢ, દીવ, અને કોડીનારનો મુલક સોરઠ નામથી ઓળખાય છે.

પર્વત.--ગીરનાર અને ગીર. ગીરનાર પર્વતપર હિંદુ અને શ્રાવક લોકોનાં દહેરાં છે.

નદી.--ભાદર, ઓઝત, હીરણ, શીંગવડો.

શાખારેલવે:--શાહપુર જંકશનથી બાંટવા જાય છે.

નીપજ.--બાજરી, કઠોળ, શેરડી અને કપાસ.

સંસ્થાન.--જુનાગઢ, બાંટવા, અમરાપુર, માંગરોળ.

ગાયકવાડી સંસ્થાન.--કોડીનાર.

ફીરંગી સંસ્થાન.--દીવ. તેમાં લીલોતરી બહુ થાય છે. દીવમાં કચકડાં ને દેશી રંગાટ સારો થાય છે.

જાણીતાં સ્થળો:--૧. **જુનાગઢ શહેર** (વસ્તી ૩૪,૦૦૦.) આ શહેર ગીરનારની તળેટીમાં આવેલું છે. એમાં મહા વિદ્યાલય (આર્ટસ કોલેજ), હાઇસ્કૂલ, મહાબત મદ્રેસા, બહાદુરખાં પુસ્તકાલય,

નવાબ સાહેબનો મહેલ, મકરબો, જુમામસજીદ, નરસિંહ મહેતાનો ચોરો વગેરે મકાનો જોવા લાયક છે. શહેર બહાર સરદારબાગ ને નજરબાગ જોવા જેવા છે. શહેરના ઇશાન ખૂણામાં એક ટેકરીપર જૂનો કિલ્લો છે, તેને ઉપરકોટ કહે છે. તેમાં મહમદ બેગડાની બંધાવેલી મસજીદ, અડીચડીવાવ, નોંઘણ કૂવો, અને ખાપરા-કોડીઆની ગુફાઓ જોવા લાયક છે. શહેર ઉગમણી બાજુએ ગીરનારના ખડકપર અશોક રાજાના કોતરાવેલા જુના લેખો છે. તેના રક્ષણાર્થે નવાબસાહેબે તેપર મકાન બંધાવેલું છે.

ગીરનારના રસ્તાપર દામોદરકુંડ આવે છે, તેમાં નહાઇને લોકો દામોદરજીનાં દર્શન કરે છે. તળેટીમાં ભવનાથ મહાદેવની જગ્યા છે. મહાશિવરાત્રિ પર ત્યાં મોટો મેળો ભરાય છે. ગીરનારપર નેમનાથ ભગવાનનું દહેરૂં ને પગલાં છે. ત્યાં શ્રાવક લોકો જાત્રાએ આવે છે. બીજાં શિખરોપર અંબાજીમાતા, ગોરખનાથ, ગુરૂ-દત્તાત્રય, ઓઘડનાથ, કાળકા માતા વગેરે જાત્રાનાં ઠેકાણાં છે. દાતારના ડુંગરપર જમીયલશાહ પીરનો ચિલ્લો છે, ત્યાં મુસલમાન તથા હિંદુલોકો માનતાએ આવે છે.

રાજકર્ત્તા નવાબસાહેબ કહેવાય છે. કાઠિયાવાડમાં સઘળાં રાજ્યોમાં આ રાજ્ય પહેલા નંબરનું ગણાય છે. ઘણાં ખરાં રાજ્યો તેને ખંડણી આપે છે તે જોરતલબી કહેવાય છે, તે અંગ્રેજ સરકાર વસુલ કરી સોરઠ સરકારને આપે છે.

૨. વંથળીમાં સૂરજકુંડ, વામનજીની જગ્યા, કપિલાશ્રમ એ હિંદુલોકોની જાત્રાનાં ઠેકાણાં છે, ને શીતળનાથજીની જાત્રાએ ઘણા શ્રાવક લોકો આવે છે. ૩. કુતિયાણામાં દેશી વણાટ સારો થાય છે. ૪. સીલબંદરમાં રતાળુ (સકરકંદ) સારાં થાય છે.

૫. **માંગરોળના શેખસાહેબને** તાબે ૨૩ ગામ છે, તે જુનાગઢના નવાબ સાહેબના તાબામાં રહી બીજા વર્ગનો અધિકાર ભોગવે છે. આ શહેરની મસજીદ જોવા જેવી છે, તેને લોકો ભાણુ જોઠવાની ચોરી કહે છે. શહેરમાં સુખડ અને હાથીદાંતની કારીગીરીવાળી પેટીઓ સારી થાય છે. માંગરોળ હવા ખાવાનું સ્થળ છે. ૬. **ચોરવાડમાં** પહેલાં નાગરવેલનાં પાન ઘણાં સારાં થતાં, હાલ થોડાં થાય છે. ૭. **હાટીના માળીઆમાં** કેરીઓ સારી થાય છે. ૮. **વેરાવળમાં** ધોળી ડુંગળી સારી થાય છે, હવા ખાવાનું સ્થળ છે. ૯. **પ્રભાસ પાટણમાં સોમનાથ મહાદેવનું** દહેરૂં છે, તેને મુસલમાન લોકોએ ઘણી વખત ભાંગી નાંખ્યું હતું. હાલનું દહેરૂં ઇંદોરનાં રાણી **અહલ્યાબાઇએ** બંધાવેલું છે. ૧૦. **પ્રાચીમાં** કુંડ તથા પીપળો છે. કુંડમાં માધવરાયની મૂર્ત્તિ છે. અહિં હિંદુ લોકો શ્રાદ્ધ સરાવે છે. ૧૧. **તુળશીશ્યામમાં** ઉનાપાણીના કુંડ છે. ૧૨. **ઉના** એવડા કિલ્લાવાળું છે, ત્યાં નરસિંહ મહેતાની દીકરી **કુંવરબાઇનું** મામેરૂં ભર્યું હતું.

વિશેષ હકીકતઃ—ગીર પર્વતની દક્ષિણના દરિયા કિનારા સુધીના ભાગને **નાઘેર** કહે છે. તેમાં નદીઓનો કાંપ ઠરવાથી વરસમાં ત્રણવાર પાક ઉતરે છે. ઉનાળામાં જુવાર પાકે છે, તેથી ખરે ઉનાળે એ ભાગ લીલોછમ દેખાય છે. નાઘેરમાં મુખ્ય પેદાશ બાજરી, જુવાર ને શેરડીની છે. ભાદર ને ઓઝતનાં કાંઠાના **પ્રદેશને ઘેડ** કહે છે. તે નીચો મુલક હોવાથી તેમાં નદીઓનાં પૂર ફેલાઇ જાય છે, માટે આ ભાગમાં ચોમાસુ પાક સારો થતો નથી, પણ શિયાળુ ને ઉનાળુ પાક સારો થાય છે. ઘેડમાં વરસાદ ન હોય પણ આ બે નદીના મૂળ તરફ વરસાદ હોય તો રેલને લીધે આ ભાગમાં અનાજ પાકી શકે છે.

બર્ડો પ્રાંત.

આ પ્રાંતમાં બર્ડો પર્વત હોવાથી બર્ડો નામ પડયું છે.

પર્વત—બર્ડો.

નદી.—ભાદર ને ઓઝત.

નીપજ.—બાજરી, જુવાર, કઠોળ અને કપાસ.

નિકાસ.—પોરબંદરી પત્થર અને ઘી.

સંસ્થાન—પોરબંદર. **પોરબંદર** શહેરની વસ્તી **૨૫,૦૦૦** માણસની છે. એનું બીજું નામ **સુદામાપુરી** છે, કેમકે ત્યાં શ્રી કૃષ્ણના મિત્ર સુદામાજીનું પ્રસિદ્ધ મંદિર છે. **માધવપુરમાં** માધવરાયનું મંદિર છે. રૂકિમણીજીને શ્રી કૃષ્ણ **અહિં** પરણ્યા હતા. **મધુવનમાં** રૂકિમણીજીનું મંદિર, ચોરી, માયરાં વગેરે છે.

વિશેષ હકીકત.—બર્ડા પ્રાંતની ભેંસો વખણાય **છે.**

હાલાર પ્રાંત.

આ પ્રાંતનું નામ જાડેજાશ્રી હાલાજીના નામપરથી હાલાર પડયુંછે.

પર્વત.—બર્ડો.

નદી.—આજી, ઉંડ, રંગમતી, રામાવતી, ઘી, ભાદર. (ભાદરને ગોંડલી, ચાંપરવાડી, ફોફળ, મોજ, અને વીણું નદી મળે **છે.**)

નીપજ.—બાજરી, જુવાર, ઘઉં, કઠોળ, કપાસ ને ગોળ.

ખનીજ પેદાશ.—બર્ડા પર્વતમાંથી આરસ ને લોખંડ નીકળે છે. ખંભાળીઆમાં તાંબુ નીકળે છે.

સંસ્થાન.—જામનગર, ગોંડળ, રાજકોટ, ધ્રોળ, ધ્રાફ્રા, વીરપુર ને કોટડા સાંગાણી.

જાણીતાં સ્થળો—નવાનગર (વસ્તી ૫૪,૦૦૦) ત્યાંના રાજા જામ સાહેબ **કહેવાય** છે, તેપરથી તેને **જામનગર પણ કહે છે.**

તેની પાસેના દરિયામાંથી મોતી નીકળે છે. જામનગરનું કંકુ, બાંધણી, બંદુક, સોયરો, મોતી અને કસબ વખણાય છે. જામસાહેબ જાડેજા રજપુતોમાં શિરોમણી ગણાય છે. જામનગરમાં એક હાઈસ્કૂલ છે. **ગોંડળ** (વસ્તી ૨૦,૦૦૦) એમાં ગ્રાસિયા કોલેજ અને એક હાઇસ્કૂલ છે. ગોંડળમાં બાઈસાહેબના નિરાશ્રિતગૃહ, ભગવતસિંહજી બાલાશ્રમ, સંગ્રામજી હાઈસ્કૂલ, મોંધીબા હાઈસ્કૂલ, ઇસ્પિતાલ, હજુર બંગલો, નવલખો વગેરે મકાન જોવા લાયક છે. **રાજકોટ** (વસ્તી ૩૫,૦૦૦) એમાં રાજકુમાર કોલેજ, હાઇસ્કૂલ, મેલ ટ્રેનિંગ કોલેજ, ને ફીમેલ ટ્રેનિંગ કોલેજ છે. રાજકોટનો દરબારહોલ જોવાલાયક છે. **ધોરાજી** (વસ્તી ૨૫,૦૦૦) ના ઢોલીઆ ને ધાબળા વખણાય છે. **વીરપુર** અહિં લુહાણા જલોભક્ત પ્રખ્યાત થઈ ગયા, તેમની પ્રતિષ્ઠા લોકોમાં એટલી બધી હતી કે " કાં જલા કાં અલા". **બાલાચડી** હવા ખાવાનું સ્થળ છે.

મચ્છુકાંઠો.

આ પ્રાંતમાં મચ્છુ નદી આવવાથી તેનું નામ મચ્છુકાંઠો પડયુંછે.

નદી.—મચ્છુ, ઘોડાધ્રોઈ.

નીપજ.—બાજરી, જુવાર, કઠોળ ને કપાસ.

સંસ્થાન—મોરબી, માળીઆ.

જાણવા લાયક સ્થળ.—**મોરબી** (વસ્તી ૧૮,૦૦૦) એના બજારની બાંધણી, ટાવર, અને ઝોલાપૂલ જોવા લાયક છે, મોરબીમાં એક હાઇસ્કૂલ છે, વાંકાનેર જંકશનથી મોરબી સુધી રેલવે છે, અને મોરબીથી વવાણીઆ બંદર સુધી ટ્રામ્વે છે.

ઓખામંડળ.

આ પ્રાંતમાં ઓખા નામનો રાક્ષસ રહેતો હતો, તેપરથી આ

પ્રાંતનું નામ ઓખામંડળ પડયું છે. આ પ્રાંત ગાયકવાડ સરકારને તાબે છે.

નીપજ.—બાજરી, જુવાર, કઠોળ, અને તલ.

મોટાં ગામ.—દ્વારકા, આરંભડું, શંખોદ્ધાર, મઢી.

જાણીતાં સ્થળ.--દ્વારકા ને બેટ એ બે સ્થળ હિંદુ લોકોનાં જાત્રાનાં સ્થળ છે. દ્વારકામાં રણછોડજીનું ધામ છે.

પાલણપુર એજન્સિ.

નદી:—બનાસ, સરસ્વતી.

શાખા રેલ્વે:—પાલણપુરથી ડીસા જાય છે.

નીપજ:—બાજરી, જુવાર, ઘઉં, કઠોળ, ડાંગર, શેરડી અને રૂ. જંગલોમાં ઇમારતી લાકડું ઘણું થાય છે.

નિકાસ:--રૂ, અનાજ, સરસવ, તલ, સુરોખાર, અને ચંપા તથા કેવડાનું અત્તર.

મુખ્ય સંસ્થાન:—પાલણપુર, રાંધણપુર, થરાદ, કાંકરેજ, અને વાવ.

શહેરો:—**પાલણપુર** (વસ્તી ૧૮,૦૦૦) ના રાજ્યકર્તાને **દિવાન** કહે છે, તે જાતે પઠાણ મુસલમાન છે. **ડીસામાં** અંગ્રેજી લશ્કરની છાવણી છે. **રાધણપુર** (વસ્તી ૧૨,૦૦૦) ના રાજ્યકર્તા **નવાબ** કહેવાય છે, તે બાબી મુસલમાન છે, **મુંજપુર** વેપારી સ્થળ છે.

વિશેષ હકીકત:—આ એજન્સિની પશ્ચિમે કચ્છનું રણ આવવાથી ઉનાળામાં સખ્ત તાપ પડે છે, ને દિવસે મુસાફરી થઇ શકતી નથી.

મહીકાંઠા એજન્સિ.

પહાડ:—આબુ ને આરાસુરનો. આબુ પર્વત મહીકાંઠાની ઉત્તરમાં આવેલો છે. તેના ચિત્રકુટ શિખરપર વિમળશાહ તથા વસ્તુપાળ ને તેજપાળે બંધાવેલાં સુંદર દહેરાં છે. એ દહેરાં બંધાવતાં કરોડો રૂપીઆ ખર્ચ થયો છે. આ દહેરાં દેલવાડાનાં દહેરાંને નામે ઓળખાય છે. આ દહેરાં જોવાથી સર્વની ખાત્રી થાય છે કે આ દેશના લોકો ઇમારત બાંધવામાં ને નકશી કોતરવામાં પ્રવીણ હતા. આરાસુરનો ડુંગર દાંતાના રાણાના તાબામાં છે. તે ઉપર અંબાભવાની માતાનું દહેરૂં છે, તેની ઉપજ રાજ્યમાં જમા થાય છે. અંબાભવાનીથી પૂર્વમાં એક મૈલ ઉપર કુંભારીઆ ગામ પાસે વિમળશાહનાં બંધાવેલાં જૈન લોકોનાં પાંચ સુંદર દહેરાં છે, તે સઘળાં આરસપહાણનાં ને સરસ બાંધણીનાં છે. આ દહેરાં કુંભારીઆનાં દહેરાં ને નામે ઓળખાય છે.

નદી:—સરસ્વતી, સાબરમતી, હાથમતી, મેશ્વો, વાત્રક, માઝુમ.

નહેર:—ખેતરોમાં પાણી પૂરૂં પાડવાને અમનગરની ઉત્તરે હાથમતી નદીનો બંધ બાંધી નહેરો ખોદેલી છે.

નીપજ—બાજરી, જુવાર, ઘઉં, મકાઇ, ચણા, તલ, શેરડી, તમાકુ, રૂ, અફીણ અને સાબુ. ડુંગરમાં વાંસની પેદાશ ઘણી છે.

ખનીજ પેદાશ:—અમનગરની ખાણમાંથી પત્થર નીકળે છે, તે ઘર બાંધવાના કામમાં આવે છે. દાંતાની ખાણમાંથી આરસ નીકળે છે. મોહનપુર સંસ્થાનમાં અબરખની ખાણ છે.

નિકાસ:—પત્થર અને અફીણ.

મુખ્ય સંસ્થાનો:—ઇડર, દાંતા, માલપુર, મોહનપુર, માણસા અને આંબલીઆરા.

જાણીતાં સ્થળો:—ઇડર (વસ્તી ૭,૦૦૦) ત્યાંના રાજા રાઠોડ રજપુત છે. આ એજન્સિમાં માત્ર ઇડરનુંજ રાજ્ય મોટું છે. તેમાં **અમનગર** ને **વડાલી** મોટાં ગામ છે. **સાદરામાં** પોલિટિકલ એજન્ટ રહે છે. સાદરામાં ગરાસીઆના કુંવરોને માટે તાલુકદારી સ્કૂલ છે. **પેથાપુરની** બાંધણી વખણાય છે. નવેંબર માસમાં **શામળાજીનો** અને ફેબ્રુઆરી માસમાં **ખેડબ્રહ્માનો** મેળો ભરાય છે. **તારંગાજી** એ જૈન લોકોનું જાત્રાનું ઠેકાણું છે.

રેવાકાંઠા એજન્સિ.

આ એજન્સિ રેવા નદીની આસપાસ આવવાથી તેનું નામ રેવાકાંઠા પાડયું છે.

પહાડ:—રાજપીપળાનો.

નદી:—મહી અને નર્મદા.

રેલવે:—અંકલેશ્વરથી નાંદોદ સુધી રેલવે છે.

નીપજ:—ઈમારતી લાકડું, મહુડાં, તેલીબીઆં, અને જુદી જુદી જાતનાં અનાજ.

ખનીજ પેદાશ:—અકીકના પથરા.

નિકાસ;—ઇમારતી લાકડું, મહુડાં ને તેલીબીઆં.

સંસ્થાન:—રાજપીપળા, છોટાઉદેપુર, દેવગઢબારીઆ, લુણાવાડા, સુંથ, વાડાશિનોર, વગેરે.

શહેર:—**નાંદોદ** (વસ્તી ૧૧,૦૦૦) રાજપીપળાના રાજ્યનું મુખ્ય શહેર છે. તેમાં એક હાઇસ્કૂલ છે.

પંચમહાલ એજન્સિ.

આ એજન્સિ પંચમહાલ જિલ્લાની અગ્નિ ખૂણામાં છે.

નીપજ:—ઈમારતી લાકડું ને અનાજ.

નિકાસ:—ઇમારતી લાકડું.

મુખ્ય સંસ્થાન—નારૂકોટ. મુખ્ય શહેર **જાંબુઘોડા** એમાં ઠાકોર રહે છે. આ એજન્સિમાં નાયકા ને કોળી લોકની વસ્તી વિશેષ છે.

સુરત એજન્સિ.

નદી:—અંબિકા, ઔરંગા, પાર, કોલક ને દમણગંગા.

નીપજ:—ડાંગર, જુવાર, નાગલી, કોદરા, કઠોળ, તલ, શેરડી અને ઈમારતી લાકડું.

સંસ્થાન:—સચીન, વાંસદા, ધરમપુર અને ડાંગ.

જાણીતાં સ્થળ:—**ડુમસ** એ ગામ દરીઆ કિનારે સચીનના રાજ્યમાં હવા ખાવાનું સ્થળ છે. **દેવકી ઉનાઇ** વાંસદાની ઉત્તરે ૬ મૈલપર છે ત્યાં ઉના પાણીનાં કુંડ છે. દર વરસે ચૈત્રી પુનમે અહિં જાત્રા ભરાય છે.

વિશેષ હકીકત:—**સચીનના** નવાબ જંજીરાના નવાબના કુળના છે. **વાંસદાના** રાજા સોલંકી રજપુત છે. **ધરમપુરના** રાજા સિસોદીઆ રજપુત છે.

ગાયકવાડનો મુલક.

હિંદુસ્તાનમાં ત્રણ દેશી રાજ્ય મોટાં ગણાય છે, તેમાંનું આ એક છે. એનું ક્ષેત્રફળ ૮૧૦૦ ચોરસ માઈલ અને વસ્તી ૨૮ લાખ માણસની છે. આ રાજ્ય એક જથે નથી, પણ જુદા જુદા ચાર ભાગમાં વહેંચાઈ ગયેલું છે. ૧ **વડોદરા પ્રાંત** એ ભરૂચ જિલ્લાની પૂર્વે, ૨ **કડીપ્રાંત** અમદાવાદ જિલ્લાની ઉત્તરે, ૩ **નવસારી પ્રાંત** એ સુરત જિલ્લા સાથે સેળભેળ, અને ૪ **અમરેલી ને ઓખા-મંડળ** એ કાઠિયાવાડમાં આવેલ છે.

વડોદરા પ્રાંત:—આ પ્રાંતની જમીન સપાટ છે. આ પ્રાંતમાં

દક્ષિણી બ્રાહ્મણ અને મરાઠા લોકની વસ્તી વિશેષ છે. વડોદરા રેલવેનું જંકશન છે, ત્યાંથી એક ફાંટો **ગોધરા** જાય છે, બીજો ફાંટો વડોદરાથી **ડભોઇ** જાય છે. ડભોઇ રેલવેનું જંકશન છે, ત્યાંથી એક ફાંટો **મીયાંગામ** જાય છે, બીજો **ચાણોદ** જાય છે, ત્રીજો **સંખેડા બહાદરપર** જાય છે. આ પ્રાંતની પેદાશ અનાજ, રૂ અને તમાકુની છે.

આ પ્રાંતનું મુખ્ય શહેર **વડોદરા** (વસ્તી ૧,૦૪,૦૦૦) વિશ્વામિત્રી નદીપર આવેલ છે, તે ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર છે. તેમાં નજરબાગ, મોતીબાગ, ગાયકવાડ સરકારને રહેવાનો લક્ષ્મી વિલાસ મહેલ, જમનાબાઈ ઇસ્પિતાલ, ચીમનાબાઈ ટાવર, કોલેજ, ન્યાયમંદીર, સંગ્રહસ્થાન વગેરે ઘણાં જોવા લાયક સ્થળો છે. **ડભોઇ** જૂના કિલ્લાને માટે પ્રખ્યાત છે. **પાદરા**ની ખાદી વખણાય છે. **પેટલાદ, સોજીત્રા**, ને **વસોનું** દેશી કાપડ વખણાય છે. **કર્નાળી** નર્મદાને કિનારે યાત્રાનું ધામ છે.

કડીપ્રાંત:—આ પ્રાંત ચારે પ્રાંતમાં મોટો છે, અને એની હવા સારી છે, જમીન સપાટ છે. એમાં સરસ્વતી નદી આવેલ છે. અમદાવાદ જંકશનથી રેલવેનો એક ફાંટો **કલોલ** થઇ **મેસાણે** જાય છે. કલોલથી એક ફાંટો **કડી** જાય છે. મેસાણાથી એક ફાંટો **પાટણ** અને બીજો **વીશનગર, વડનગર** થઇ **ખેરાળુ** જાય છે. આ પ્રાંતની મુખ્ય પેદાશ અનાજ, અળશી, તેલીબીઆં અને અફીણની છે.

શહેરો.—**પાટણ** આ જૂનું શહેર (વસ્તી ૩૧,૦૦૦) છે. ત્યાંનાં પટોળાં, સુડી, તરવાર, અને માટીનાં વાસણ વખણાય છે. **સિદ્ધપુર** સરસ્વતી નદીપર જાત્રાનું ધામ છે. **અહિં** માતૃશ્રાદ્ધ કરવામાં

આવે છે. આ શહેરમાં ઔદિચ્ય બ્રાહ્મણ ને વહોરાની વસ્તી વિશેષ છે. આ શહેરમાં **રૂદ્રમાળ**ના દહેરાનું ખંડેર છે. **વીશનગરનાં** તાંબા-પીતળનાં વાસણ ને હળદર વખણાય છે. **વડનગર** વડનગરા નાગરનું મૂળ સ્થાન છે, ત્યાં વાજીંત્રો સારાં થાય છે. **કડીના** બળદ વખણાય છે. **બહુચરાજી** યાત્રાનું સ્થળ છે. **ઉંઝામાં** કડવા કણબીની કુળદેવીનું સ્થાન છે. **મેસાણા** રેલ્વે જંકશન છે, તથા જૈન ધર્મનું મોટું ધામ છે. **વિજાપુરમાં** અફીણ સારૂં થાય છે. **મોઢેરામાં** કરણસાગર તળાવ ને સૂર્યનારાયણનું મંદિર જોવા લાયક છે. **આતરસુંબામાં** લોઢાનું કામ સારૂં થાય છે.

નવસારી પ્રાંત—આ પ્રાંતમાં સોનગઢ ને વ્યારા તરફની જમીન ડુંગરાળ છે, ત્યાંની હવા ખરાબ છે. આ પ્રાંતમાં મુખ્ય નદી તાપી છે. આ પ્રાંતના દરીઆ કાંઠાની જમીન ઘણીજ ફળદ્રુપ છે. ત્યાં આંબા, અનનાસ, ફણસ, અને કેળાં વગેરે મેવો સારો થાય છે. પ્રાંતની મુખ્ય પેદાશ ગોળ છે. આ પ્રાંતમાં અનાવળા બ્રાહ્મણ ને પારસીની વસ્તી વિશેષ છે. સોનગઢ અને વ્યારા તરફ અનાર્ય જાતના ચોધરા લોકની વસ્તી વિશેષ છે.

શહેરો.—**નવસારી** એમાં પારસીની વસ્તી વિશેષ છે. **ગણદેવી**નો ગોળ વખણાય છે. **સોનગઢ** ગાયકવાડ સરકારની જૂની રાજધાનીનું શહેર **તાપ્તીવેલી** રેલ્વેનું સ્ટેશન છે.

અમરેલી પ્રાંત.—એમાં ગીરનારના ડુંગર આવેલા છે. ઓખામંડળ રેતાળ પ્રદેશ છે. અમરેલી પ્રાંતમાં કાઠી અને ઓખામંડળમાં વાઘેર લોકની વસ્તી વિશેષ છે. આ પ્રાંતમાં મુખ્ય પેદાશ અનાજ ને રૂ છે.

શહેરો.—અમરેલી, ધારી, કોડીનાર, દ્વારકા, વગેરે

રાજ્યવ્યવસ્થા.—ગાયકવાડી મુલકમાં અંગ્રેજ સરકારના જેવીજ રાજ્યરચના છે. જિલ્લામાં જેમ કલેકટર છે, તેમ અહિં પ્રાંતમાં સુબા છે. કલેકટરોને માથે જેમ કમિશ્નર સાહેબ છે તેમ અહિં ચારે પ્રાંતના સુબાઓને માથે સરસુબો છે. તેમના ઉપરી દીવાન અને તેમને માથે રાજા છે. તાલુકાઓમાં જેમ મામલતદાર હોય છે, તેમ અહિં તાલુકામાં વહીવટદાર હોય છે.

ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં **ફરજિયાત કેળવણી** દાખલ કરી છે, તેથી દરેક માણસને ભણવું પડે છે. આથી દરેક ગામમાં નિશાળો ઉઘાડી છે. મોટાં શહેરોમાં અંગ્રેજી નિશાળો ને હુન્નરશાળાઓ છે. ધંધાની કેળવણી માટે સૌથી મોટી સંસ્થા વડોદરામાં **કળાભવન** છે.

ગાયકવાડ સરકારના મુલકની દેખરેખને માટે હિંદના નામદાર વાઇસરોય સાહેબ તરફથી એક રેસિડન્ટ સાહેબ વડોદરા કેમ્પમાં રહે છે. કાઠિયાવાડ, પાલણપુર, મહીકાંઠા, અને રેવાકાંઠા એજન્સિના રાજાઓ પાસે લેણી ખંડણી અંગ્રેજ સરકાર વસુલ કરી ગાયકવાડ સરકારને પહોંચાડે છે.

ખંભાત સંસ્થાન.

નદી.—મહી.

રેલ્વે.—આણંદ જંકશનથી પેટલાદ થઇ ખંભાત સુધી રેલવે છે.

મુખ્ય પેદાશ.—બાજરી, જુવાર, ઘઉં, તુવેર, ગળી, તમાકુ, અફીણ ને રૂ.

શહેર.—**ખંભાત** (વસ્તી ૩૨,૦૦૦) ત્યાંના રાજ્યકર્ત્તા **નવાબ** કહેવાય છે, તે મોગલ જાતના મુસલમાન છે. આ શહેરમાં હાથના

વણાટનું સુતરાઉ કાપડ ને શેતરંજી સારી થાય છે, વળી રાજપીપળામાંથી અકીકના પથરા લાવી તેને સાફ કરી તેના જુદા જુદા ઘાટ બનાવે છે. ખંભાતનો અખાત વર્ષોવર્ષ પુરાતો જવાથી દરીઆઇ વેપાર મોળો પડતો જાય છે. દરીઓ શહેરથી પાંચ માઇલ દૂર છે.

અમદાવાદ જિલ્લો.

નદી.--સાબરમતી, હાથમતી, ખારી, મેશ્વો, વાત્રક, માજુમ, અને શુકભાદર.

શાખા રેલવે.--અમદાવાદ જંક્શનથી પ્રાંતીજ અને બીજી ધોળકા તરફ ગાડી જાય છે.

નીપજ.--બાજરી, જુવાર, ઘઉં, ડાંગર, કઠોળ, તમાકુ, ગળી, શેરડી, રૂ, તલ અને દીવેલી.

તાલુકા.—પ્રાંતીજ, વીરમગામ, સાણંદ, દશક્રોઇ, ધોળકા, ધંધુકા. **પેટા મહાલ**--મોડાસા અને ઘોઘા. પેટા મહાલમાં મુખ્ય અધિકારી મહાલકારી હોય છે, તે મામલતદાર કરતાં ઉતરતા દરજ્જાનો અધિકારી છે; કેમકે તેમનો મહાલ તાલુકા કરતાં નાનો હોય છે.

જાણીતાં સ્થળો;--અમદાવાદ (વસતી ૧,૮૬,૦૦૦) એ ઇ. સ. **૧૪૧૨ માં અહમદશાહે** વસાવ્યું. એ સાબરમતી નદીને કાંઠે છે. એમાં એક કોલેજ, ત્રણ હાઇસ્કૂલો, બે ટ્રેનિંગ કોલેજો, એક મેડિકલ સ્કૂલ, ને એક હુન્નરશાળા છે. શહેરમાં જોવા લાયક મકાનો ઘણાં છે તેમાં મુખ્ય જુમામસજીદ, શાહઆલમનો રોજો, કાંકરીઉં તળાવ, દાદાહરીની વાવ, ભદ્રનો કિલ્લો, સ્વામીનારાયણનું મંદિર, હઠીસંગનું દહેરૂં, વગેરે. શહેરમાં મીલો ઘણી છે તેમાં સુતરાઉ કાપડ ઘણુંજ બને છે, વળી હાથના વણાટમાં રેશમી કાપડ, કીનખાબ, મશરૂ, રેશમી કોરનાં ધોતીઆં પુષ્કળ બને છે.

વીરમગામમાં મુનસર ને ગંગાસર નામે બે મોટાં તળાવ છે, ગામમાં મુખ્ય વેપાર રૂનો છે, ત્યાં કાપડ વણવાની મીલો છે. **ખારાઘોડા**માં વરાગડું મીઠું થાય છે. **ધોળકા**માં મલાવ તળાવ મોટું છે, ત્યાંનાં દાડમ ને સુંઠ વખણાય છે. **ઘોઘા** પાસે દરીઓ હોવાથી તે હવાખાવાનું સ્થળ છે. **વઉઠા** સાબરમતી ને વાત્રક નદીના સંગમ પર છે, ત્યાં કાર્તિકી પુનેમે મેળો ભરાય છે. **ભીમનાથ**માં શ્રાવણ વદ અમાસે મેળો ભરાય છે. **ફાસીંદ્રા**નો ગોળ વખણાય છે.

વિશેષ હકીકત:--ખારી નદીમાંથી નહેરવાટે ખેતરોને પાણી આપવામાં આવે છે.

ખેડા જિલ્લો.

નદી:--મહી, ખારી, મેશ્વો, વાત્રક, શેઢી, મહોર.

નીપજ:--બાજરી, ડાંગર, તુવેર, કોદરા, બાવટો, તમાકુ, વરીઆળી, રૂ, વગેરે. તેમાં બાજરી ને તમાકુ પરદેશ બહુ જાય છે.

તાલુકા:--કપડવણંજ, ઠાસરા, નડીઆદ, મહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ.

જાણવા લાયક સ્થળો:--**કપડવણંજ** એ મહોર નદીને કાંઠે છે. એમાં કાચ ને સાબુનાં કારખાનાં છે, તથા જૈન લોકોનાં દહેરાં જોવા લાયક છે. **લસુંદ્રા** એ કપડવણંજ તાલુકામાં ઉના પાણીના કુંડને માટે પ્રખ્યાત છે. **ડાકોર** એમાં રણછોડજીનું ધામ છે. **નડીઆદ** (વસ્તી ૩૧,૦૦૦) ખેડા જિલ્લામાં મોટામાં મોટું શહેર છે, એમાં **સંતરામનું** વિશાળ ધામ ને એક હાઈસ્કૂલ છે. **વડતાળ**માં સ્વામી નારાયણનું ધામ છે. **ખેડા** એ વાત્રક ને શેઢી નદીના સંગમપર જિલ્લાનું મુખ્ય શહેર છે. **મહેમદાવાદ** એ મહમદ બેગડાએ વસાવ્યું છે, તે વાત્રક નદી પર છે. એમાં ભમરીઓ કૂવો ને નદીપરનો રોજો

જોવા લાયક છે. **માતરમાં** જૈન લોકોનું દહેરૂં જોવા લાયક છે. **આણંદ** રેલવે જંકશન છે. **ઉમરેઠમાં** ખેડાવાળ બ્રાહ્મણ ને ખડાયતા વાણીઆની વસ્તી વિશેષ છે.

પંચમહાલ જિલ્લો.

પંચમહાલ જિલ્લામાં ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ મળી પાંચ મહાલ આવવાથી તેનું નામ પંચમહાલ પડયું છે. બારીઆના રાજ્યવડે એના બે ભાગ થાય છે. દાહોદ અને ઝાલોદ મહાલ પૂર્વમાં, ને ગોધરા, કાલોલ અને હાલોલ મહાલ પશ્ચિમમાં છે.

પર્વત:--પાવાગઢનો. એ ઉપર **મહાકાળી માતાનું** દહેરૂં છે, તથા મજબુત કિલ્લો છે; તેને હમેશાં પવનના ઝપાટા લાગ્યા કરે છે, તેથી તેને **પવનગઢ** કે **પાવાગઢ** કહે છે.

નદી:--મહી એ વડે ખેડા અને પંચમહાલ જિલ્લા જુદા પડે છે.

નીપજ:--મકાઇ, તલ, મહુડાં ને ઈમારતી લાકડાંની પેદાશ વિશેષ હઇ તે પરદેશ બહુ જાય છે.

તાલુકા:--ગોધરા, કાલોલ, અને દાહોદ. હાલોલ અને ઝાલોદ એ પેટામહાલ છે.

જાણવા લાયક સ્થળો:--**ગોધરા** (વસ્તી ૩૧,૦૦૦)માં લાકડાં તથા તલની પેદાશ સારી થાય છે. **દાહોદ** એ ઔરંગજેબની જન્મભૂમિ છે. **ચાંપાનેર** એ ચાંપા નામના વાણીઆએ વસાવ્યું હતું, હાલ તે ખંડેર છે.

ભરૂચ જિલ્લો.

નદી:--મહી, ઢાઢર, નર્મદા, અને કીમ.

નીપજ:--ખેતીની મુખ્ય પેદાશ રૂની છે, તે સિવાય બાજરી,

જુવાર, ઘઉં, ડાંગર, કઠોળ, તલ, દીવેલી અને તમાકુ.

તાલુકા:--જંબુસર, આમોદ, વાગરા, **ભરૂચ અને અંકલેશ્વર.** હાંસોટ પેટા મહાલ છે.

જાણવા લાયક સ્થળો:--**ભરૂચ** (વસ્તી ૪૩,૦૦૦) એ શહેર **નર્મદા** નદીને કિનારે પાધડી પને છે. આ શહેરમાં ભૃગુ ઋષિનો **આશ્રમ** હતો, તે પરથી એનું નામ ભરૂચ પડેલું છે. એમાં એક **હાઇસ્કૂલ** છે, **તથા** ૩ કાંતવા વણવાનાં કારખાનાં છે. **નર્મદા નદીપર** બાંધેલો પૂલ ખાસ જોવા લાયક છે. **કાવી** શ્રાવક લોકોનું જાત્રાનું ઠેકાણું છે. **આમોદમાં** દેશી ચપ્પુ સારાં થાય છે. **ભાડભૂત** ભરૂચથી ૮ મૈલપર નર્મદાને કિનારે છે. એમાં ભાડભૂતેશ્વર મહાદેવનું દહેરૂં છે, જ્યારે અધિક ભાદરવો માસ આવે છે ત્યારે ત્યાં મોટી જાત્રા ભરાય છે. **શુકલતીર્થ**માં દર કાર્તિકી પુનેમે મેળો ભરાય છે, તેની પાસે **કબીરવડ** નામે મોટો વડ જોવા લાયક છે.

સુરત જિલ્લો.

પર્વત:—પારનેરા તે વલસાડની પાસે આવેલો છે.

નદી:—કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર, કોલક અને દમણગંગા.

નીપજ:--ઉત્તર ભાગમાં બાજરી, જુવાર, ઘઉં, ડાંગર, કઠોળ અને રૂ; અને દક્ષિણ ભાગમાં નાગલી, કોદ્રા, દીવેલી, શેરડી અને કેળાં; વળી કેટલેક ઠેકાણે શાક, ભીંડી ને તમાકુ થાય છે.

હવા ખાવાનાં ઠેકાણાં:--**ડુમ્મસ** એ ઓરપાડ તાલુકામાં તાપી નદીના મુખપર છે. **તીથલ** વલસાડની પાસે દરીઆ કિનારાપરછે.

તાલુકા:--ઓરપાડ, ચોર્યાશી, જલાલપોર, ચીકલી, વલસાડ, પારડી, બારડોલી અને માંડવી.

જાણવા લાયક સ્થળો:--સુરત (વસ્તી ૧,૧૯,૦૦૦) તાપી નદીના કિનારાપર બંદર છે. શહેરનો મજબુત કિલ્લો તાપી નદીના કિનારાપર આવેલો છે, તાપી નદીપરનો **હોપ પૂલ** જોવા લાયક છે. અગાઉ આ શહેરમાં વેપાર ઘણો ચાલતો, એમાં રેશમી કાપડ અને કસબી વણાટ સારો થાય છે. શહેરમાં એક હાઇસ્કૂલ, એક ઉદ્યોગશાળા ને ત્રણ મીલ્સ છે. સુરતથી પૂર્વમાં **તાપ્તીવેલી રેલવે** ઠેઠ નંદુરબાર સુધી જાય છે, આથી વેપારમાં લાભ થયો છે. હિંદમાં અંગ્રેજ લોકોએ વેપારની પહેલવહેલી કોઠી આ શહેરમાં ઈ૦ સ૦ ૧૬૯૨ માં નાંખી હતી. **વલસાડ** બંદર છે. ત્યાંથી અનાજ, ઇમારતી લાકડું, ગોળ અને ઈંટો બહાર ગામ મોકલાય છે. **ઉદવાડા** પારડી તાલુકામાં છે, એમાં પારસીનું અગ્નિનું દેવળ છે. આતસની જાત્રા કરવાને ઘણા પારસી ત્યાં આવે છે. **બહુધાન**માં બાર બાર વર્ષે સિંહસ્થ વર્ષમાં જાત્રા ભરાય છે.

ફીરંગી સંસ્થાન--દમણ એ સુરત જિલ્લાની દક્ષિણે આવેલું છે. ત્યાંની ખાસ પેદાશ નાગલી, કઠોળ, ડાંગર, ઘઉં ને તમાકુની છે.

વ્યાખ્યાઓ.

જમીનના ભાગની ઓળખાણ.

૧. જે ગામ દરિયા કિનારે હોય, અને જ્યાંથી માલ વહાણ કે આગબોટને રસ્તે જતો આવતો હોય તેને **બંદર** કહે છે.

૨. ચારે બાજુએ પાણીથી વીંટાયલા જમીનના ભાગને **દ્વીપ, બેટ કે ટાપુ** કહે છે.

૩. જે જમીનની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ કોરી જમીન હોય તેને **દ્વીપકલ્પ** કહે છે.

૪. જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગયેલી હોય, તેને **ભૂશિર** કહે છે.

૫. જમીનના સાધારણ ઉંચા ભાગને **ટેકરી** કહે છે, ટેકરી કરતાં ઉંચા ભાગને **ડુંગર** કહે છે, અને વિશેષ ઉંચા ભાગને **પર્વત** કહે છે. તળિયેથી જોડાએલા ડુંગરોને **ડુંગરોની હાર** કહે છે, અને જોડાએલી નીચી ટેકરીઓને **ધાર** કહે છે. બે ડુંગર કે પર્વતની વચ્ચેના નીચા ભાગને **ખીણ** કહે છે.

૬. જમીનના જે ભાગમાં રેતીજ હોય, અને તેમાં ઝાડબીડ હોય જ નહિ તેને **રણ** કહે છે.

૭. સપાટ જમીનના વિશાળ પ્રદેશને **મેદાન** કહે છે.

૮. પહાડો ઉપર આવેલા પ્રદેશને **ઉચ્ચ પ્રદેશ** કહે છે.

પાણીના ભાગની ઓળખાણ.

૧. પૃથ્વી ઉપર ખારા પાણીના પાંચ ભાગ કર્યા છે, તે દરેકને **મહાસાગર** કહે છે.

૨. ખારા પાણીનો જે ભાગ મહાસાગર કરતાં નાનો હોય, તેને **સમુદ્ર, સાગર કે દરીઓ** કહે છે.

૩. સમુદ્રનો ફાંટો લાંબો થઇ જમીન પર ગયો હોય, તેને **અખાત** કહે છે.

૪. અખાતનું મોં પહોળું હોય, તેને **ઉપસાગર** કહે છે.

૫. પાણીનો જે ભાગ ચારે તરફ જમીનથી ઘેરાએલો હોય તેને **સરોવર** કહે છે, સરોવરથી નાનું હોય તેને **તળાવ** કહે છે.

૬. મીઠા પાણીનો પ્રવાહ ડુંગર કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં વહી સમુદ્રને કે બીજી નદીને મળે છે તેને **નદી** કહે છે.

૭. જે જગ્યાએથી નદી નીકળે છે તેને **મૂળ** કહે છે.

૮. જે જગ્યાએ નદી સમુદ્રને મળે છે તેને તેનું **મુખ** કહે છે.

૯. જે જગ્યાએ નદી મોટી નદીને મળે છે તેને **સંગમ** કહેછે.

૧૦. નદીનું મુખ પહોળું હોય, અને તેમાં સમુદ્રની ભરતીનું પાણી આવતું હોય તેને **ખાડી** કહે છે.

૧૧. નદી કે મોટા તળાવમાંથી ખેતરમાં પાણી પૂરું પાડવાને ખોદેલા ફાંટાને **નહેર** કે **કેનાલ** કહે છે.

૧૨. દરીઆનું પાણી દિવસમાં બે વખત ચડે છે તેને **ભરતી** અને ઉતરે છે તેને **ઓટ** કહે છે.

પરચુરણ સવાલો.

૧. પર્વતની ઉત્પત્તિ સમજાવો ?

૨. પૃથ્વીની અંદર ઉનો રસ છે તેની સાબીતિ આપો ?

૩. મેદાન, નદી, અને સરોવરની ઉત્પત્તિં સમજાવો ?

૪. પર્વત, મેદાન, નદી, અને સરોવરના ફાયદા સમજાવો ?

૫. નદીનું પાણી નીચાણમાં કેમ વહે છે ?

૬. દરિયા ખારા કેમ છે ?

૭. દરિયા કિનારો વાંકો ચુંકો કેમ છે ?

૮. બેટ અને ભૂશિરથી ઉલટું શું ?

૯. જસદણ અને ગણોદ, તથા વાંકાનેર અને મોરબીમાં ઉંચાણમાં કયાં ગામ ને શા માટે ?

૧૦. કોરી જમીન અને દરિયામાં ઉંચું શું ? શા પરથી કહો છો ?

૧૧. ઘેડમાં વરસાદ થયો ન હોય, છતાં ત્યાં કેટલીકવાર અનાજ પાકે છે, તેનું કારણ સમજાવો ?

૧૨. ભાદર નદી પારકે પુત્રે સપુત્રી છે તે સમજાવો ?

૧૩. નહેરના ફાયદા સમજાવો ?

૧૪. શેત્રુંજી ને શીંગવડો નદીનાં મૂળ પાસપાસે હોવા છતાં શેત્રુંજી નદીની લંબાઇ વધારે કેમ છે ?

૧૫. અમદાવાદ અને રાજકોટ શહેરની વસ્તી થોડાં વર્ષોમાં કેમ ઘણી વધી ગઇ ?

૧૬. રાજકોટ અને જુનાગઢ વચ્ચે સીધું અંતર કેટલું છે ? પગરસ્તે વધારે અંતર કેમ થાય છે ?

૧૭. કાઠિયાવાડ ને ગુજરાતના છાપેલા નકશામાં કાઠિયાવાડનો નકશો મોટો કેમ છે ?

૧૮. મામલતદાર, કલેક્ટર અને કમિશ્નર સાહેબનું કામ શું ? દેશી રાજ્યોમાં એવાં કામ કરનારને શું કહે છે ?

૧૯. જિલ્લામાં સૌથી વડા ન્યાયાધીશને શું કહે છે ? તેમનુ કામ શું ?

૨૦. લોકલબોર્ડ ને મ્યુનિસિપાલ ખાતાનું કામ સમજાવો ?

૨૧. અમદાવાદમાં કાપડ વણવાની મીલો કેમ વધારે થઇ ?

૨૨. ગોંડળથી પ્રભાસપાટણ, અંબાજી અને કર્નાળી જવાનો રસ્તો કયો ?

૨૩. કાઠિયાવાડમાંથી કયો માલ બહાર દેશા[illegible] અને પરદેશથી કયો માલ આવે છે ?

૨૪. ગુજરાતમાં કાચું સોનું પાકે છે એ વાક્ય સમજાવો ?

સમાપ્ત.

જાહેર ખબર.

અમારાં રચેલ પુસ્તકો મળવાનાં ઠેકાણાં:—ગોંડળ કર્ત્તા પાસેથી, તા. બુકસેલર ચુનીલાલ ટોકરશી; **ધોરાજી** બુકસેલર એલ. ટી. વાઢેર; **અમદાવાદ** મેસર્સ ચીમનલાલ ચુનીલાલની કંપની, બુકસેલર મોતીલાલ મગનલાલ શાહ એન્ડ સન્સ, તા. ઓરીએન્ટલ બુક ડેપોવાળા રા. પોપટલાલ મગનલાલ; **મુંબઇ** એન. એમ. ત્રિપાઠીની કંપની; **સુરત** બુકસેલર કરસનદાસ નારણદાસ; **રાજકોટ** લક્ષ્મીચંદ ઉત્તમચંદ, તા. દા. બહેચર મેઘજી; **ભાવનગર** બુકસેલર અબદુલહુસેન આદમજી; **જુનાગઢ** બુકસેલર નાથાભાઇ ભવાનભાઇ; **જામનગર** બુકસેલર હેમરાજ જાદવજી; **લીંબડી** અમીચંદ નાગરદાસની કંપની; **જેતપુર** બુકસેલર મુળચંદ ભાણજી; ઇત્યાદિ.

પ્રેમચંદ કરમચંદ શાહ. ઠે. એ. ઇ. **ગોંડળ** (કાઠિયાવાડ).